ISO 9001:2015
ISO 14001:2015
FSSC 22000(V 5.1)2018
BUREAU VERITAS
Certification

ISO 9001:2015, ISO 14001:2015 &
FSSC 22000 (V 6) 2018 Certified Dairy


:: એડ્રેસ ::
"ઠાકરધણી સુરસાગર ભવન"
પ્લોટ નં. ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ–૨, આંબાવાડી,વઢવાણ–૩૬૩ ૦૩૫. જી. સુરેન્દ્રનગર (ગુજરાત)
ફોન : ૭૦૬૯૦ ૧૨૨૭૩, પશુ સારવાર વિભાગ નં. : ૭૦૬૯૦ ૧૨૨૧૪
E-MAIL : admhead@sursagardairy.coop / info@sursagardairy.coop / Website : www.sursagardairy.com


૫૦ મો વાર્ષિક અહેવાલ અને હિસાબો વર્ષ : ૨૦૨૪ – ૨૫

Amul
The Taste of India

# ૫૦ મો વાર્ષિક અહેવાલ અને હિસાબો ૨૦૨૪–૨૫

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World

"GOLDEN JUBILEE YEAR 2024-25"
SURENDRANAGAR DIST. CO.OP. MILK PRO.UNI.LTD
SURSAGAR DAIRY
SURENDRANAGAR
Amul
BE MORE MILK.
CELEBRATING 50 YEARS OF EXCELLENCE

# સુરસાગર ડેરી

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.



દૂધરેજ ખાતે જાહેર સભાને સંબોધન કર્યા બાદ હાજર સૌ મંચસ્થ મહાનુભાવોનું અભિવાદન કરતા હતા ત્યારે દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડને આર્શિવાદ પાઠવતા ગુજરાત રાજયના પનોતા પુત્ર તથા દેશના યશસ્વી પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ




દેશની પ્રથમ સહકારિતા ત્રિભોવન યુનિર્વસીટીના ભુમિપૂજનમાં પધારેલ દેશના યશસ્વી ગૃહમંત્રી તથા સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી નરેશકુમાર મારૂ


# તમોએ દૂધ મંડળીમાં ભરાવેલ દૂધ ની માહિતી તમારા મોબાઈલ માં

Amul
The Taste of India






Android માટે
GET IT ON Google play

## મોબાઈલ એપની સુવિધાઓ

- ટંક પ્રમાણે ની દૂધ સ્લીપ
- દૂધ ભરણા ના મહિના અને તારીખ પ્રમાણે રીપોર્ટ
- દૂધ ભરણા તથા સુધારાના નોટીફીકેશન
- અન્ય ઘણી બધી સુવિધાઓ

આકાશગંગા ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર
૧૮૦૦-૨૩૩૫૩૯૦
સમય : સવારે ૦૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦
1800-2335390
Toll Free

## મોબાઈલ એપની સુવિધા મેળવવા માટે

- દૂધ મંડળીમાં તમારા સભાસદ કોડ સાથે તમારો મોબાઈલ નંબર રજીસ્ટર કરાવો.
- આકાશગંગા Farmer App ડાઉનલોડ કરો.
- ડાઉનલોડ કરેલ App ને Run/Open કરો.
- રજીસ્ટર કરાવેલ મોબાઈલ નંબર એન્ટર કરો.
- OTP બટન દબાવો.
- SMS દ્વારા પ્રાપ્ત થયેલ OTP APP માં એન્ટર કરો.
- પસંદગીનો પાસવર્ડ ૨ વખત એન્ટર કરો.
  પ્રવેશ બટન દબાવો.

Your OTP for Amul AMCS Farmer Application is 72033

પશુ સારવાર વિભાગ નં. : ૭૦૬૯૦ ૧૨૨૧૪

**દરેક દૂધ ઉત્પાદકને પોતાના કોડ સાથે મોબાઈલ નંબર રજીસ્ટર કરાવવા અપીલ છે.**

અન્ય મોબાઈલ ધારકો માટે મોબાઈલ નંબર રજીસ્ટર કરવાથી SMS ની સુવિધા ચાલુ થશે.

**વધુ માહિતી માટે દૂધ મંડળીના મંત્રીશ્રી નો સંપર્ક કરો.**

# ૫૦ મો વાર્ષિક અહેવાલ
# ૨૦૨૪-૨૫

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી, વઢવાણ.


| | | |
|---|---|---|
| રજીસ્ટ્રેશન નં. | : | સે.દૂ.ઉ-૨૦૦૧ તા. ૨૪-૩-૧૯૭૫ |
| ટેલીફોન નં. | : | ૭૦૬૯૦ ૧૨૨૭૩ / પશુ સારવાર વિભાગ નં. : ૭૦૬૯૦ ૧૨૨૧૪ |
| ઈ-મેઈલ | : | admhead@sursagardairy.coop |
| વેબસાઈટ | : | www.sursagardairy.com |
| એડ્રેસ | : | ''ઠાકરધણી સુરસાગર ભવન'' પ્લોટ નં. ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫. જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) |


### :: ઓડીટર્સ ::

**શ્રી શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટયુટરી ઓડીટર
(પેનલ નં. VAD/CA-FIRM/83)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

### :: બેંકર્સ ::

kotak Kotak Mahindra Bank | SBI | રાજકોટ નાગરીક સહકારી બેંક લી. | AXIS BANK | SDCB The Surendranagar District Co-Op. Bank Ltd. ધી સુરેન્દ્રનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક લી. | equitas Equitas Small Finance Bank

ICICI Bank | Union Bank of India | સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક | AU Small Finance Bank | punjab national bank ...the name you can BANK upon! | Apex Bank GSC BANK

વિકસીત ભારતનો અમૃત કાળ

## સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના

# 11 વર્ષ



### વિકસિત ભારતનો અમૃત કાળ

૨૦૨૫ થી ૨૦૪૭ સુધીનો દ્રષ્ટિકોણ – ડેરી ઉદ્યોગ

### ડેરી ઉદ્યોગ ક્ષેત્રે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબની સહાય :

૧ દૂધ ઉત્પાદકો માટે સીધી લાભ પધ્ધતિ :

– DBT (Direct Benefit Transfer) દ્વારા સબસિડી ખેડૂતોના ખાતામાં મધ્યસ્થીએ વગર લાભ પહોંચાડવાનું મકસદ

૨ રાષ્ટ્રીય ગોકુલ મિશન :

– દેશી પશુધનના જતન અને પ્રોત્સાહન માટે વિશિષ્ટ યોજના.
– પશુપાલન માટે ઉચ્ચ ગુણવત્તાવાળા નસલના પશુઓની ઉપલબ્ધિ.

### આવનારા વર્ષોમાં વડાપ્રધાનનું આયોજન (દુરદર્શિતા ૨૦૪૭)

૧. શ્વેત ક્રાંતિ ૨.૦ :

– દેશને દૂધ અને દૂધના ઉત્પાદનોમાં વિશ્વના નિકાસ હબ તરીકે વિકસાવવાનું ધ્યેય.
– દરેક રાજયમાં આધુનિક ડેરી પ્રોસેસીંગ પ્લાન્ટની સ્થાપના.

૨. દૂધ ઉત્પાદકો માટે ન્યુનતમ આધાર ભાવ યોજના (MSP) :

– દૂધ ઉત્પાદનમાં ભાવ સ્થિરતા માટે નીતિ ઘડતર (વિચારધીન).
– ખેડૂતોના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનો પ્રયાસ.

૩. ટેકનોલોજી દ્વારા પરિવર્તન :

– AI અને IOT આધારિત ડેરી મોનિટરિંગ સિસ્ટમ.
– પશુ આરોગ્ય માટે મોબાઈલ એપ્સ અને ઈ–પશુ આરોગ્ય સેવા યોજના.

### સારાંશ :

ડેરી ઉદ્યોગ એ માત્ર આર્થિક પ્રવૃતિ નહી, પણ દેશના કરોડો નાના ખેડૂતો માટે જીવન રેખા છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા તેના વિકાસ માટે અમૃત કાળમાં ભવિષ્યનિર્માણ કરી રહયુ છે.

**"સહકારીતા દેશની સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો મહત્વપૂર્ણ હિસ્સો છે."**

**– નરેન્દ્ર મોદી**

2025
International Year
of Cooperatives
Cooperatives Build a Better World

## સહકાર ક્ષેત્રે દ્રષ્ટિકોણ અને યોગદાન

## સહકાર ક્ષેત્રે દ્રષ્ટિકોણ અને યોગદાન

### સહકાર મંત્રાલયની સ્થાપના :

૨૦૨૧માં ભારત સરકારે સહકાર મંત્રાલય સ્થાપિત કર્યુ અને શ્રી અમિત શાહ સાહેબને આ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી.
દેશના સહકારી સંસ્થાઓને વધુ મજબૂત અને પારદર્શક બનાવવાનો સ્વપ્ન હતુ.

### ડેરી ઉદ્યોગ ક્ષેત્રે યોગદાન અને સહાય :

૧ બહુરાજયક સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન :

- અમૂલ જેવી સંસ્થાઓના મોડેલ આખા દેશમાં ફેલાવવા માટે પગલા લીધા.
- નાના દૂધ ઉત્પાદકોને બજાર સુધી પહોંચ મળે તે માટે દરેક જિલ્લાઓમાં દૂધ સંઘ સ્થપાય તેવી યોજનાઓની સ્થાપના કરી.

૨. ડિજિટલ લેવડ દેવડ અને પારદર્શિતા :

- દૂધ ઉત્પાદનથી લઈ વેચાણ સુધીની તમામ કામગીરીને ડિજિટલ બનાવી More Efficiency and Less Wastage માટે ટેકનોલોજીનો ઉપયોગ

### ભવિષ્યની દુરદર્શિતા -''સુપર ડેરી ઈન્ડસ્ટ્રીઝ''

૧. ભારતને વિશ્વની ડેરી પાવર બનાવવાનો સંકલ્પ :

- ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે અને હવે ગુણવત્તા, વિતરણ અને નિકાસમાં પણ અગ્રેસર બનાવવાનું ધ્યેય છે.

૨. સહકારી મોડેલ દ્વારા આત્મનિર્ભરતા :

- દૂધ ઉત્પાદકોને બજાર આધારિત ભાવ મળે, નુકશાન ન થાય અને મહિલાઓને આર્થિક સશકિતકરણ મળે તે માટે પહેલ.

૩. નિકાસ માટેની યોજના :

- ભારતીય ડેરી ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં માન્યતા મળે અને નિકાસ ક્ષમતા વધે એ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ તથા નિકાસ સહાયક નીતિ આધાર ઉભો કરવામાં આવી રહયો છે.

### ઉદ્દેશ :

શ્રી અમિતભાઈ શાહ સાહેબની આગેવાનીમાં સહકારીતાનો સૂર્ય હવે ફરી ઉગ્યો છે.
જેમાં ડેરી ઉદ્યોગ એ અગત્યનું પાંખ છે.
ભારતને ડેરી ક્ષેત્રે વિશ્વગુરૂ બનાવવું અને કૃષિ આધારિત અર્થતંત્રમાં દૂધ ઉત્પાદકોને મજબુત બનાવવા.



**"સહકારી સંસ્થાઓ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે."**

**- અમિત શાહ**



**ભારત સરકારના જલ શકિત મંત્રી તથા ગુજરાત રાજયના અધ્યક્ષ(ભાજપ) માન. શ્રી સી.આર. પાટીલ સાહેબ દ્વારા ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સહાય**

ડેરી ઉદ્યોગ એ ગ્રામિણ અર્થતંત્રની રીડ તરીકે કાર્ય કરે છે. માન. શ્રી સી.આર.પાટીલ સાહેબ દ્વારા ડેરી ઉદ્યોગ ક્ષેત્રે આપવામાં આવેલી મદદ અને પ્રોત્સાહન આપણા ખેડૂતભાઈઓ માટે આશાસ્પદ સાબિત થઈ છે.

**તેમના માર્ગદર્શન હેઠળ :**

પશુપાલન માટે વધુ પ્રોત્સાહન, પશુઓના આરોગ્ય માટે વૈજ્ઞાનિક વ્યવસ્થાઓ,

ડેરી સંઘોને વધુ ટેકનોલોજી સપોર્ટ અને ભંડોળ સહાય,

તથા ગ્રામિણ સ્તરે કળી અને શીખ માટેની સ્કીમો ચલાવવામાં આવી રહી છે.

શ્રી પાટીલ સાહેબની દ્રઢ ઈચ્છાશકિત અને નેતૃત્વના કારણે ગુજરાતમાં ડેરી ક્ષેત્રે " શ્વેત ક્રાંતિ ૨.૦" તરફ આગળ વધવાનો માર્ગ પ્રસસ્ત થયો છે.

**ઉદ્દેશ :**

શ્રી સી.આર. પાટીલ સાહેબ શ્વેત ક્રાંતિ ૨.૦ ના દ્રષ્ટિકોણ સાથે ડેરી ઉદ્યોગને વધુ ઉંડાણપૂર્વક ગ્રામિણ સમાજ સાથે જોડવા આતુર છે. દૂધ સંઘ જેવી સંસ્થાઓ તેમના માર્ગદર્શન હેઠળ સતત મજબુત બની રહી છે અને પશુપાલકો અને ખેડૂતના જીવનમાં સમૃધ્ધિ લાવવા માટે કાર્યરત છે.

**વિઝન :**

"શ્રેષ્ઠ ગુજરાત માટે કૃષિ અને ડેરી ઉદ્યોગ એક મુખ્ય આધારસ્તંભ"

શ્રી સી.આર. પાટીલ સાહેબનો વિશેષ ધ્યાન ખેતી બાદ ડેરી ઉદ્યોગને પણ મજબુત બનાવવાનો છે, જેથી ગ્રામિણ અને આર્થિકતંત્ર મજબુત બને અને ખેડૂતોની આવક બમણી થાય જે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિકાસના વિઝન સાથે સંકલિત છે.

**"સહકાર એ વિકાસનો સ્તંભ છે ડેરી ઉદ્યોગ ક્ષેત્ર દ્વારા આપણે આત્મનિર્ભર ગામડાં સમૃધ્ધ બનાવી શકીએ છીએ "**

**– સી. આર. પાટીલ**

International Year of Cooperatives
2025
Cooperatives Build a Better World

## ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીય શ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ દ્વારા ડેરી ઉદ્યોગ ક્ષેત્રે વિશિષ્ટ સહાય અને વિકાસદ્રષ્ટિ.

ડેરી ઉદ્યોગ એ ગુજરાતના ગ્રામિણ વિસ્તારો માટે એક મજબુત આર્થિક આધારસ્તંભ છે. ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબના દ્રઢ નેતૃત્વ અને વિકાસમય દ્રષ્ટિકોણ હેઠળ રાજયના ડેરી ઉદ્યોગે નવી ઉંચાઈઓ હાંસલ કરી છે.

### મુખ્ય સહાયોની ઝલક :

**૧. ડેરી સંઘો માટે નાણાંકીય સહાય :**

– બલ્ક મિલ્ક કૂલર, નવી લેબોરેટરીની વ્યવસ્થાઓ, ડિજિટલ વજનકાંટા અને ટ્રાન્સપોર્ટ સુવિધાઓ માટે સહાય યોજનાઓ.

**૨. સહકારી મંડળીઓને ટેકનોલોજીના અપગ્રેડમાં સહાય :**

– ડિજિટલ પેમેન્ટ પધ્ધતિ, દૂધ સંગ્રહ માટે મોબાઈલ એપ્સ અને અન્ય સોફટવેર આધારિત સુવિધાઓ માટે સહાય.

**૩. પશુ આરોગ્ય અને જન કલ્યાણ :**

– રાજયભરમાં પશુ આરોગ્ય શિબિરો, કૃત્રિમ બીજદાન (A.I) સેવાની વિસ્તૃતતાને પ્રોત્સાહન અને રસીકરણ અભિયાનો દ્વારા પશુઓના આરોગ્યમાં સુધારો.

**૪. યુવાનો અને મહિલાઓ માટે વિશેષ પ્રોત્સાહન :**

– ડેરી ઉદ્યોગમાં યુવાઓ અને મહિલાઓ માટે તાલીમ કેમ્પો, શુધ્ધ દૂધ ઉત્પાદન માટે માર્ગદર્શન અને નાણાંકીય સહાય.

**૫. માર્કેટીંગ અને નિકાસને પ્રોત્સાહન :**

– ગુજરાતના ડેરી ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવા માટે રાજય સરકાર દ્વારા વિશેષ પહેલ.


### મુખ્યમંત્રીએ સ્પષ્ટ ઉદ્દેશ આપ્યો છે. :

– પશુપાલકો અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનું કામ ડેરી ઉદ્યોગ દ્વારા શકય છે. આપણે સૌ મળીને ગામડાને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડીએ.
– માન. મુખ્યમંત્રી સાહેબના માર્ગદર્શન હેઠળ શ્વેત ક્રાંતિ ૨.૦ ના દુરદર્શિતા સાથે ગુજરાતનો ડેરી ઉદ્યોગ હવે વધુ ટકાઉ, આધુનિક અને વિશ્વસ્તરીય બને તે દિશામાં સતત પ્રયત્નશીલ છે.



**"અમૂલ એ માત્ર ડેરી ઉદ્યોગ ક્ષેત્રે બ્રાન્ડ નથી પણ ગુજરાતની ઓળખ છે."**

**– ભુપેન્દ્ર પટેલ**



**શ્રી જગદિશભાઈ પંચાલ**
માન. સહકાર મંત્રી ગુજરાત રાજય

ડેરી ઉદ્યોગ એ માત્ર પશુપાલન નહીં પણ લાખો ગ્રામિણ પરિવારોના જીવનનિર્વાહનો આધાર બની ગયો છે. ગુજરાત રાજયના સહકાર મંત્રી માન. શ્રી જગદિશભાઈ પંચાલ સાહેબે ડેરી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન પુરુ પાડયુ છે અને અનેક સહાયકારી નિતિ અમલમાં મુકી છે.

**માર્ગદર્શન અને નીતિગત દ્રષ્ટિ :**

૧. સહકારી માળખાતે મજબૂત બનાવવાનું દુરદર્શિતા :

– દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ડેરી સંઘોને વધુ સ્વનિર્ભર બનાવવાનો દ્રષ્ટિકોણ.

–વ્યવસ્થાપન, નાણાંકીય વ્યવહાર અને કાર્યક્ષમતા વધારવા તાલીમ અને માર્ગદર્શન

૨. સહકારી મંડળીઓ માટે નીતિ આધારિત સહાય યોજના :

– નાણાંકીય સહાય, ઈન્સ્ટિટયુશનલ ગ્રાન્ટ અને સહાયિત સાધનોની ખરીદી માટે ખાસ યોજનાઓ.

**પશુપાલન ક્ષેત્રે વધુ પ્રોત્સાહન :**

પશુઓના આરોગ્ય માટે વૈજ્ઞાનિક પધ્ધતિ આધારિત સારવાર, રસીકરણ અભિયાન, કૃત્રિમ બીજદાન જેવી સેવાઓને નવી ઉંચાઈઓ પર પહોંચાડવામાં આવી છે.

**ડેરી સંઘોને ટેકનોલોજી અને ભંડોળ સહાય :**

આધુનિક દૂધ સંગ્રહ સાધનો, મોબાઈલ લેબ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ, દૂધ ઘર સુવિધાઓ, આધુનિક દૂધ ચકાસણી માટેના સાધનોની સહાય વગેરે માટે રાજય સરકારે સક્રિય સહાય ઉપલબ્ધ કરાવી છે.

**"ડેરી ઉદ્યોગ એ માત્ર પશુપાલન નહી પણ લાખો ગ્રામિણ પરિવારોના જીવનનિર્વાહનો આધાર બની ગયો છે"**

**– જગદિશ પંચાલ**

ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી
શ્રી રત્નાકરજી સહકાર ખાતું
અને ડેરી ઉદ્યોગ વિષે વાત કરતા જણાવ્યું કે
સહકાર એ ગામડાની આર્થિક કમાન છે
અને ડેરી ઉદ્યોગ એ તેનો મજબુત આધારસ્તંભ છે.
તેમણે જણાવ્યું કે સહકારી સંસ્થાઓએ ખેડૂતોને
સીધો લાભ પહોંચાડયો છે,
જેના કારણે ગુજરાત દૂધ ઉત્પાદનમાં
દેશભરમાં અગ્રણી બન્યું છે.

રત્નાકરજીએ આગળ જણાવ્યુ કે સરકાર
અને સહકારી સંસ્થાઓના સંકલન દ્વારા
અદ્યતન ટેકનોલોજી,
મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર અને વ્યાપક માર્કેટીંગ
સુવિધાઓનો વિકાસ કરીને ખેડૂતોને આવકમાં
નોંધપાત્ર વધારો કરવો એ આપણી પ્રાથમિકતા છે.
" સહકારની શકિતથી ગ્રામ્ય વિકાસ અને ખેડૂતોના
કલ્યાણના નવા અધ્યાય લખાશે "
એમ તેમણે વિશ્વાસ વ્યકત કર્યો.



**શ્રી રત્નાકરજી**
ગુજરાત ભાજપ સંગઠન મહામંત્રી

**"સહકાર અને ડેરી ઉદ્યોગ
ગુજરાતના વિકાસનો આધાર"**

**- રત્નાકરજી**



કેન્દ્રીય કેબીનેટ મંત્રી તથા ભારતીય જનતા પાર્ટી ગુ.રા.ના યશસ્વી અધ્યક્ષ માનનીયશ્રી સી.આર. પાટીલ સાહેબની શુભેચ્છા મુલાકાત કરતા દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ



દૂધરેજ ખાતે જાહેર સભા સંબોધવા પધારેલ ગુજરાત રાજયના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી માન. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનું ઉષ્માભર્યુ સ્વાગત કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી નરેશકુમાર જે. મારૂ અને દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



ગુજરાત રાજયના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, વાતાવરણ પરિવર્તનના મંત્રી શ્રી મુળુભાઈ બેરા નું ઝાલાવાડની ધીંગી ધરા ઉપર પધારતા ઝાલાવાડી પરંપરા અનુસાર સ્વાગત કરતા દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તેમની સાથે ગુ.રા.ના નાયબ મુખ્ય દંડક શ્રી જગદિશભાઈ મકવાણા, ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ શ્રીમતિ વર્ષાબેન દોશી, જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ સંસદીય સચિવ તથા ચોટીલા વિધાનસભાના ધારાસભ્ય શ્રી શામજીભાઈ ચૌહાણ, ધ્રાંગધ્રા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રકાશભાઈ વરમોરા તથા જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી જયેશભાઈ પટેલ દ્રષ્ટિ ગોચર થાય છે.




દૂધ સંઘની શુભેચ્છા મુલાકાતે પધારેલ ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, સુરેન્દ્રનગર જિલ્લા સાંસદ સભ્યશ્રી ચંદુભાઈ શિહોરા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, દસાડા વિધાનસભાના ધારાસભ્યશ્રી પી. કે. પરમાર, ધ્રાંગધ્રા વિધાનસભાના ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ધીરૂભાઈ સિંધવ, શ્રી જયેશભાઈ પટેલ, શ્રી હાર્દિકભાઈ ટમાલીયા, ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર, દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, વાઈસ ચેરમેન શ્રીમતિ ગીતાબેન રબારી, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તથા નિયામક મંડળના સભ્યો દ્રષ્ટિગોચર થાય છે.

# નિયામક મંડળ : ૨૦૨૪–૨૫



**શ્રી નરેશકુમાર જે. મારૂ**
અધ્યક્ષશ્રી



**શ્રીમતિ ગીતાબેન બી. રબારી**
ઉપાધ્યક્ષશ્રી



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
સભ્યશ્રી



**શ્રી ગભરૂભાઈ જે. કલોત્રા**
સભ્યશ્રી



**શ્રી નવઘણભાઈ વી. ગોલતર**
સભ્યશ્રી



**શ્રી ગેલાભાઈ સી. ચાવડા**
સભ્યશ્રી



**શ્રી બાબાભાઈ જે. કારેલીયા**
સભ્યશ્રી



**શ્રી છગનભાઈ બી. મુંધવા**
સભ્યશ્રી



**શ્રી વાલાભાઈ એમ. ભરવાડ**
સભ્યશ્રી



**શ્રી અલ્પેશભાઈ બી. સામંડ**
સભ્યશ્રી



**શ્રી વેલશીભાઈ એફ. દેવથળા**
સભ્યશ્રી



**શ્રી નીરૂભા જી. પરમાર**
સભ્યશ્રી



**શ્રીમતિ સંગીતાબેન એચ. વરમોરા**
સભ્યશ્રી



**કુ. કોમલ કે. ચૌધરી**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.)સુ.નગર, સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા.)
ગાંધીનગર



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી
પ્રતિનિધિ-
જી.સી.એમ.એમ.એફ.લી., આણંદ



**શ્રી ગુરદિતસિંઘ**
મેનેજીંગ ડીરેક્ટર



## શ્રી નરેશકુમાર જે. મારૂ
**અધ્યક્ષશ્રી**

### ચેરમેનશ્રી નું નિવેદન :–

**મારા વ્હાલા દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો તેમજ આમંત્રિત મહેમાનો,**

આપણા દૂધ સંઘની ૫૦ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

આપણી ઝાલાવાડની દૂધગંગા એવી સુરસાગર ડેરીએ ૫૦ વર્ષ પૂર્ણ કરેલ છે તેની સુવર્ણજયંતિના વર્ષ રૂપે આપ સર્વે પશુપાલક મિત્રોને ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવું છું. આપણા સૌની કામધેનુ સમાન અને ઝાલાવાડની દૂધગંગા એવી સુરસાગર ડેરીની ૫૦મી વાર્ષિક સાધારણ સભામાં ઓડિટરશ્રીએ પ્રમાણિત કરેલા અને નિયામક મંડળના સભ્યોની અનુમતિથી દૂધ સંઘના ૩૧મી માર્ચ–૨૦૨૫ના રોજ પૂરા થયેલા વર્ષ ૨૦૨૪–૨૫ના વાર્ષિક હિસાબો, અહેવાલ અને સંઘના કામકાજ અને ગતિવિધીઓનું સંક્ષિપ્ત વૃતાંશ રજૂ કરતા હર્ષની લાગણી અનુભવું છું.

આપ સૌ જાણો છો જ કે આપણા જિલ્લાના પશુપાલકો, માલધારીઓ, નાના સિમાંત અને ખેત મજૂર સભાસદોના અથાગ પ્રયત્નોના ફળ સ્વરૂપે તેમનો આર્થિક, સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ થયો છે. આપણા જીલ્લામાં સામાજીક અને આર્થિક પરિવર્તન લાવી સુરસાગર ડેરીએ ઝાલાવાડની “દૂધગંગા” તરીકે જે નામના મેળવી છે તેને વધુ ઉજ્જવળ બનાવવાના પ્રયત્નોમાં આપ સૌનો સાથ–સહકાર મળ્યો છે અને મળતો રહેશે તેવી આશા રાખું છું. દૂધના પોષણક્ષમ ભાવ તથા પશુપાલકોને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી પશુપાલકો પોતાનું જીવન સ્વમાનભેર જીવતા થયેલ છે જે આપણા માટે આનંદ અને ગર્વની બાબત છે.

આપણી પાસે સારી ઓલાદના પશુઓ હોવા છતા દુનિયાના અન્ય દેશોની સરખામણીએ આપણે પશુદીઠ દૂધ ઉત્પાદનમાં ઘણા પાછળ છીએ. આદર્શ અને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવામાં વૈજ્ઞાનિકતાનો અભાવ જોવા મળે છે. સ્વચ્છ અને પશુદીઠ વધુ દૂધ ઉત્પાદન માટે આપણે જાગૃત અને કટીબધ્ધ થવું પડશે. તો જ આપણે દૂધ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી વધુ ફાયદો મેળવવામાં સફળ બનીશું અને વધુ આર્થિક સમૃધ્ધિ લાવી શકીશું. પશુ સારવાર અને પશુ ઓલાદ સુધારણા જેવી

દૂધ સંઘ દ્વારા ચલાવાતી યોજનાઓનો વધુમાં વધુ લાભ લઈ તથા દૂધ સંઘ દ્વારા નિયુકત પશુ ચિકિત્સકો દ્વારા થતી વિઝીટનો લાભ લઈ પશુઓની શારીરીક તંદુરસ્તી આપણે જાળવીએ ઉપરાંત સરકારશ્રી દ્વારા ચાલતી ૧૨ દૂધાળા તથા ૫૦ દૂધાળા પશુઓની યોજનાઓનો લાભ મેળવી આપણા જીલ્લામાં પશુ સાથે દૂધ ઉત્પાદન વધે એ માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ.

આજના હરિફાઈના યુગમાં આપણા દૂધ અને દૂધના ઉત્પાદનોના વેચાણ માટે દૂધની ગુણવત્તા અતિ મહત્વની છે. દૂધ મંડળીના હોદ્દેદારો અને કર્મચારીઓ એ દૂધની ગુણવત્તા કોઈપણ ભોગે જાળવવી પડશે અને તે અંગે તેમણે વિશેષ તકેદારી રાખવી પડશે. સ્વચ્છ અને શુધ્ધ દૂધના ઉત્પાદનમાં મદદરૂપ બનવા સરકારશ્રી તથા દૂધ સંઘ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ દૂધ મંડળીઓ ખાતે બલ્ક મિલ્ક કૂલર સ્થાપવાનો ભગિરથ પ્રયાસ થયેલ છે આ અંગે દૂધ મંડળીના સંચાલકો ઉપર વિશ્વાસ મુકી દૂધ સંઘની કામગીરીના ભાગીદાર બનાવી જવાબદારી સોંપેલ છે. તેનું પુરેપુરુ જતન થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને તેમના તરફથી પુરેપુરો સહયોગ મળશે તેવી આશા રાખું છું.

આપણા ભારત દેશને ડિજિટલ ભારત બનાવવા અને સહકારી ક્ષેત્રના નાણાં સહકાર ક્ષેત્રમાં રહે તે માટે આપણા સહકારીતા મંત્રાલય દ્વારા અનેક પહેલ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં સહકાર થી સમૃધ્ધિ માટે દૂધ ઉત્પાદક મંડળીઓ તથા દૂધ ઉત્પાદકોના સહકારી બેંકોમાં ખાતા ખોલવામાં આવી રહયા છે અને ગામમાં જ ATM અને માઈક્રો ATMની વ્યવસ્થા ઉભી કરાઈ રહેલ છે જેમાં આપ સૌનો સંપૂર્ણ સહકાર અપાઈ રહેલ છે અને ભવિષ્યમાં પણ આપનો આવો સાથ અને સહકાર મળી રહેશે એવી વિનમ્ર અભિલાષા છે.

સને ૨૦૨૫ ને "આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ" ઘોષિત કરી દિન પ્રતિદિન નીત નવી ઉજવણી કરવામાં આવે છે. જેથી છેવાડાનો માનવી પણ સહકારી ચળવળમાં જોડાઈ શકે. દેશના યશસ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સહકાર ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી દેશની જીડીપીમાં વધુ ભાગીદાર બનાવેલ છે.

દેશના યશસ્વી અને સહકારીતા મંત્રીશ્રી અમીતભાઈ શાહ સાહેબ દ્વારા સહકારીતા સંમેલન અંતર્ગત મહિલાઓ સાથે સંવાદ સાધેલ હતો. તેમના કરકમળોથી ત્રિભુવન સહકારી યુનિવર્સીટીનું ખાત મુહુર્ત કરેલ છે અને આણંદ ખાતે સરદાર પટેલ મલ્ટી સ્ટેટ કો.ઓપરેટીવ સોસાયટી બનાવેલ છે. સરદાર પટેલની ૧૫૦ મી વર્ષગાંઠ નીમીતે સમગ્ર સહકારી આગેવાનો સહિત રાજયના મહિલા દૂધ ઉત્પાદકોની સવિશેષ હાજરી ઉડીને આંખે વળગે તેમ હતી. સહકારીતા વર્ષમાં સરકારશ્રી તરફથી ૬૦ પહેલ કરવામાં આવી છે. આ ૬૦ પહેલથી છેવાડાના માનવીનો ચોકકસ વિકાસ થશે તેવું મારું માનવું છે.

હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘ દ્વારા દૈનિક સરેરાશ ૪૮૪૬૪૮ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. તેમજ તા. ૧૬/૦૨/૨૦૨૫ના રોજ એક દિવસનું મહત્તમ ૫૪૦૭૧૪ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. દૂધ સંઘના નિયામક મંડળ દ્વારા કરકસરયુકત વહીવટ કરી હિસાબી વર્ષ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૮૫૧ ભાવ ચુકવવામાં આવેલ છે.

## : સંઘ સભાસદ અને નિયામક મંડળ :

સને ૨૦૨૪–૨૫ ના હિસાબી વર્ષના અંતે દૂધ સંઘ સાથે સંયોજીત પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ૬૫૫ છે. તે પૈકી નિયામક મંડળના સભ્ય પદે ૧૩ સભ્યો તા. ૩૦/૦૭/૨૦૨૪ થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે ચુંટાયેલ અને કાર્યરત છે.

## : અન્વેષણ :


ગુજરાત રાજય સરકાર દ્વારા સ્થપાયેલ ઓડીટ બોર્ડ દ્વારા સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી કરવામાં આવે છે. દૂધ સંઘનું સને ૨૦૨૪–૨૫ ના વર્ષનું નાણાંકીય ઓડીટ નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતુ ગુજરાત રાજય દ્વારા નિયુકત કરવામાં આવેલ શ્રી શાહ શાહ એન્ડ કંપની, પેનલ નં. – **VAD /CA FIRM/83** દ્વારા કરવામાં આવેલ છે.


## : વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

સને ૨૦૨૪–૨૫ ના હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘનો વેપારી ઉથલો(ટર્ન ઓવર) રૂા. ૧૦૪૩ કરોડ નોંધાએલ છે. રૂા. ૧૧૭૮ લાખના ઘસારાની જોગવાઈ કર્યા બાદ હિસાબી વર્ષના અંતે રૂા. ૭૦૧ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે ગત વર્ષની સરખામણીએ ચોખ્ખા નફામાં ૧૬.૪૫% નો વધારો થયેલ છે. નિયામક મંડળ દ્વારા સભાસદ દૂધ મંડળીઓને સહકારી કાયદાની જોગવાઈની મર્યાદા મુજબ ભરપાઈ થયેલ શેર ભંડોળ ઉપર ૨૦% ડિવિડન્ડ આપવા માટે વાર્ષિક સાધારણ સભાને ભલામણ કરેલ છે.

## : દૂધ સહકારી મંડળીઓ :

વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૬૫૫ દૂધ સહકારી મંડળીઓ (૬૫૨ રજીસ્ટર + ૩ સુચિત) તથા ૧ દૂધ ખરીદ કેન્દ્ર એ દૂધ સંઘને દૂધ પુરૂ પાડેલ છે. વર્ષાન્તે કુલ ૬૫૦ દૂધ સહકારી મંડળીઓ (૬૪૭ રજીસ્ટર મંડળીઓ + ૩ સુચિત મંડળીઓ) તથા ૧ દૂધ ખરીદ કેન્દ્ર કાર્યરત છે.









પશુપાલનના વ્યવસાયમાં મહિલાઓનું યોગદાન મહત્વનું છે. મોટાભાગે મહિલાઓ દ્વારા પશુઓની માવજત કરવામાં આવતી હોય છે. પશુઓને ઘાસચારો–ખાણદાણ નિરવાની, છાણવાછીંદુ કરવાની તથા દોહવાની પ્રવૃતિ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. આથી દૂધના વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધે તે ખૂબજ જરૂરી છે. હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ ના અંતે કુલ ૧૪૪ મહિલા મંડળીઓ કાર્યરત છે. જિલ્લાની દૂધ મંડળીઓમાં દૂધ ભરાવતા ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૦૪,૩૫૮ છે. દૂધ મંડળીઓના કુલ સભાસદોની સંખ્યા ૮૪૯૭૧ છે. તે પૈકી ૨૭૬૫૨ મહિલા સભાસદો તથા ૫૭૩૧૯ પુરૂષ સભાસદો છે.


## : દૂધ સંપાદન તથા દૂધના ભાવ :

હિસાબી વર્ષ દરમ્યાન આપણા દૂધ સંઘ દ્વારા એક દિવસનું મહત્તમ ૫.૪૧ લાખ કિલો દૂધ સંપાદન કરેલ છે. તેમજ વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક ૪.૮૫ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.




હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૮૫૧ નો ભાવ ચુકવવામાં આવેલ છે. દૂધ ઉત્પાદકોને દૂધના વધુમાં વધુ ભાવ મળી રહે તે માટે દૂધ સંઘ સતત પ્રયત્નશીલ છે.





હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન દૂધ ઉત્પાદકોને સરેરાશ પ્રતિકિલો દૂધનો ભાવ રૂા. ૫૧.૨૦ પૈસા ચુકવવામાં આવેલ છે.

## : દૂધ પ્રોક્યોરમેન્ટ તથા તેના ભાવ વર્ષ ૨૦૨૪–૨૫ :

| વિગત | | ભેંસ | ગાય | કુલ |
|---|---|---|---|---|
| A | જથ્થો લીટરમાં | ૯૭૭૭૯૩૮૮ | ૭૩૯૬૪૭૨૭ | ૧૭૧૭૪૪૧૧૬ |
| B | જથ્થો કિલોમાં | ૧૦૦૭૧૨૭૭૦ | ૭૬૧૮૩૬૬૯ | ૧૭૬૮૯૬૪૩૯ |
| C | કિલો ફેટ | ૭૧૩૮૨૦૦ | ૩૧૯૦૩૯૭ | ૧૦૩૨૮૫૯૭ |
| D | કિલો એસએનએફ | ૯૦૬૨૯૮૭ | ૬૪૭૦૪૪૩ | ૧૫૫૩૩૪૩૦ |
| E = C / B | સરેરાશ ફેટ ટકા | ૭.૦૯ | ૪.૧૯ | ૫.૮૪ |
| F = D / B | સરેરાશ એસએનએફ ટકા | ૯.૦૦ | ૮.૪૯ | ૮.૭૮ |
| G | પ્રતિ કિલો ફેટના સરેરાશ ભાવ રૂપિયા | ૮૨૬ | ૯૦૯ | ૮૫૧ |
| H | ૭% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | ૫૯.૫૪ | – | – |
| I | ૪% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | – | ૩૭.૪૪ | – |
| કિલો | સરેરાશ પ્રતિકિલો દૂધનો ભાવ રૂપિયા | – | – | ૫૧.૨૦ (ગાય+ભેંસના મીક્ષ દૂધનો) |

## : મુખ્ય ખર્ચાઓ :

દૂધ ખરીદ કિંમત સિવાયનો અન્ય ખર્ચ પ્રતિકિલો દીઠ રૂા. ૫.૪૩ પૈસા છે. અન્ય ખર્ચની વિગત નીચે મુજબ છે.






## : દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ :

| | | | |
|---|---|---|---|
| ૧. | **દૂધનું વેચાણ (લીટર)** | | ૧૭૨૬૯૩૬૦૯ લીટર |
| | (૧.૧) સ્થાનિક માર્કેટમાં વેચાણ | ૫૭૮૭૪૪૧૮ લીટર | |
| | (૧.૨) મુંબઈમાં વેચાણ | ૧૨૦૬૮૨૩૫ લીટર | |
| | (૧.૩) આર.સી.એમ. અમૂલ ફેડ. તથા અન્ય ડેરીમાં વેચાણ | ૧૦૨૭૫૦૯૫૬ લીટર | |
| ૨ | અમૂલ છાશ વેચાણ (લીટર) | | ૧૫૮૦૮૨૯૧ લીટર |
| ૩ | અમૂલ મસ્તી દહીં વેચાણ | | ૨૩૬૪૨૬૮ કિલો |
| | ૮૫ ગ્રામ કપ | ૧૨૧૫૯૬ કિલો | |
| | ૨૦૦ ગ્રામ કપ | ૧૮૭૪૦૨ કિલો | |
| | ૪૦૦ ગ્રામ પાઉચ | ૨૩૬૦૫૨ કિલો | |
| | ૧ કિલો પાઉચ | ૨૧૫૯૮૮ કિલો | |
| | ૫ કિલો પાઉચ | ૧૬૦૩૨૩૦ કિલો | |
| ૪ | અમૂલ લાઈટ દહીં વેચાણ | | ૩૨૪૧૯૮ કિલો |
| | ૧૬૦ ગ્રામ | ૬૯૮૦૯ કિલો | |
| | ૧૫૦ ગ્રામ | ૧૯૧૬૧૯ કિલો | |
| | ૫ કિલો | ૬૨૭૭૦ કિલો | |
| ૫ | અમૂલ ટોન્ડ દહી વેચાણ | | ૧૨૮૫૩૧ કિલો |
| | ૮૫૦ ગ્રામ | ૯૪૯૨૧ કિલો | |
| | ૫ કિલો | ૩૩૬૧૦ કિલો | |
| ૬ | અમૂલ ઘી વેચાણ | | ૫૩૭૭૫૫ લીટર |
| | (૬.૧) અમૂલ બ્રાઉન ઘી વેચાણ ૫૦૦ એમ.એલ.જાર | ૨૨૯૨ લીટર | |
| | (૬.૨) અમુલ ઘી વેચાણ ૫૦૦ એમ.એલ. જાર | ૭૫૮૪ લીટર | |
| | ૧ લીટર પાઉચ | ૨૩૦૩૫૦ લીટર | |
| | ૧ લીટર ટીન | ૧૫૦૭૨ લીટર | |
| | ૧ લીટર જાર | ૫૩૪૦ લીટર | |
| | ૧૫ કિલો ટીન | ૭૨૨૧૭ લીટર | |
| | ૫૦૦ એમ.એલ. પાઉચ | ૨૦૪૯૦૦ લીટર | |
| ૭ | અમૂલ રબડી વેચાણ (કિલો) | | ૭૭૬૦ કિલો |
| ૮ | સુરસાગર ઘી | | ૪૪૯૮૯ લીટર |
| | ૧ લીટર પાઉચ | ૧૩૩૨૦ લીટર | |
| | ૫ કિલો ટીન | ૪૧૦૫ લીટર | |
| | ૧૫ કિલો ટીન | ૨૭૫૬૪ લીટર | |
| ૯ | અમૂલ પનીર | | ૪૭૬૨૨૮ કિલો |
| | ૧૦૦ ગ્રામ પેકીંગ | ૯૮૮૨૬ કિલો | |
| | ૨૦૦ ગ્રામ પેકીંગ | ૨૨૨૭૮૬ કિલો | |
| | ૧ કિ.ગ્રા પેકીંગ | ૧૪૧૫૯૬ કિલો | |
| | લો ફેટ ૫૦૦ ગ્રામ પેકીંગ | ૧૨૭૬૦ કિલો | |
| | મીડીયમ ફેટ ૫૦૦ ગ્રામ પેકીંગ | ૨૬૦ કિલો | |
| ૧૦ | અમૂલ આઈસ્ક્રિમ વેચાણ | | ૪૩૯૩૦૨ લીટર |

## : દૂધની ગુણવત્તા :

સ્થાનિક માર્કેટમાં તેમજ અમૂલફેડ ડેરીમાં દૂધના વેચાણ માટે દૂધની ગુણવત્તા નિયત ધારા ધોરણ મુજબ જળવાઈ રહેવી ખાસ જરૂરી છે. દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તમામ બીએમસીનું દૂધ ખાનાવાળા ટેન્કર મારફત અલગ અલગ ખાનામાં ડેરી પ્લાન્ટ ઉપર લાવી તેનું વજન કરી સેમ્પલ લઈ ડેરીની લેબોરેટરીમાં તમામ પ્રકારનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. જો ટેસ્ટીંગ દરમ્યાન કોઈપણ બીએમસીના દૂધની ગુણવત્તા હલકી/ભેળસેળ યુકત જણાય તો તેવા બીએમસીના દૂધમાં કલર નાખી દૂધનો નાશ કરવામાં આવે છે. તેમજ અલગ અલગ ચાર ટીમ બનાવી ૨ ટીમ દ્વારા સવારના ટંકે તથા ૨ ટીમ દ્વારા સાંજના ટંકે દૂધ મંડળી/બીએમસીની આકસ્મિક મુલાકાત લઈ તમામ ગ્રાહકોના દૂધના સેમ્પલ તેમજ દૂધ મંડળીઓના જનરલ સેમ્પલ તથા બીએમસીના જનરલ સેમ્પલ લાવી તેનું સુરેન્દ્રનગર ખાતે સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે. ટેસ્ટીંગમાં જો કોઈપણ મંડળી/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાય તો આવી મંડળી/બીએમસી ઉપર સુપરવાઈઝરની ટીમ મોકલી તમામ ગ્રાહકોના તથા સંલગ્ન દૂધ મંડળીઓના દૂધની ચકાસણી કરવામાં આવે છે. મંડળીના/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાય તેવી મંડળી/બીએમસી ઉપર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવામાં આવે છે. જો કોઈ એક મંડળી કે બીએમસીના દૂધની ગુણવત્તા વારંવાર હલકી આવે અને વારંવાર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવા છતાં પણ દૂધની ગુણવત્તામાં સુધારો ન થાય તેવા સંજોગોમાં આવી મંડળી કે બીએમસીનું દૂધ સંઘમાં સ્વીકારવાનું બંધ કરવામાં આવે છે અને મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યોને દૂધ સંઘની ઓફીસે રૂબરૂ બોલાવી દૂધની હલકી ગુણવત્તા બાબતે તથા હલકી ગુણવત્તાના કારણે દૂધ મંડળીને તથા દૂધ સંઘને થતા નુકશાન બાબતે સમજ આપવામાં આવે છે. તેમજ રૂા. ૩૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર સારી ગુણવત્તાનું દૂધ જ મોકલવા અંગેની લેખિત બાંહેધરી આપવામાં આવે ત્યાર પછી જ આવી મંડળી કે બીએમસી ને પુનઃ શરૂ કરવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ટીમ દ્વારા ૧૮૩૦ જેટલી દૂધ મંડળી/બીએમસીની ઓચિંતી મુલાકાત લઈ સુરેન્દ્રનગર ડેરીની સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

દૂધ ભરી આવતા ટેન્કરોની સફાઈ વ્યવસ્થિત રીતે થઈ શકે તેના માટે ટેન્કર સી.આઈ.પી. સીસ્ટમ કાર્યરત છે. જેના કારણે બી.એમ.સી. ઉપરથી દૂધ પરિવહન કામગીરીમાં કાર્યરત ટેન્કરોની વ્યવસ્થિત સફાઈ થવાથી દૂધની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયેલ છે.



## : દૂધ સંજીવની યોજના :

સરકારશ્રીના પી.એમ. પોષણ યોજના અંતર્ગત મધ્યાહન ભોજન વિભાગ દ્વારા જિલ્લા ના ૬ તાલુકાની શાળાઓના બાળકોને ૨૦૦ એમ.એલ ફલેવર્ડ મિલ્ક તથા આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા જિલ્લાના ૩ તાલુકા સાયલા, ચોટીલા, થાનગઢ તાલુકાનાં આંગણવાડીના બાળકો, ધાત્રી માતાઓ તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર મળી રહે તેવા હેતુથી દૂધ સંજીવની યોજના અંતર્ગત ફલેવર્ડ મિલ્કનું વિતરણ કરવામાં આવે છે.

## : બલ્ક મિલ્ક કૂલર :

દૂધ અને દૂધની બનાવટોના સ્થાનિક તેમજ વૈશ્વિક માર્કેટીંગમાં ખાનગી વેપારીઓ તથા મલ્ટીનેશનલ કંપનીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ પ્રવર્તે છે આવા સંજોગોમાં જે કંપનીના ઉત્પાદનોની ગુણવત્તા ઉત્તમ હશે તેજ બજારમાં ટકી શકશે. દૂધ અને દૂધની બનાવટોના ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન માટે એકત્રીત કરવામાં આવતા દૂધની ગુણવત્તા સારી હોવી જરૂરી છે. ઉંચી ગુણવત્તાયુકત દૂધના સંપાદન માટે દૂધ મંડળીઓ ઉપર બીએમસી સ્થાપવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકારની સહાય તથા મંડળીઓએ પોતાના સ્વખર્ચે શરૂ કરેલ બીએમસી મળી કુલ ૨૧૦ બીએમસી સ્થાપવામાં આવેલ છે. તમામ બીએમસી કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા જે દૂધ સંપાદન કરવામાં આવે છે તે પૈકી ૯૫.૯૪% દૂધ કલસ્ટર બીએમસી મારફત તથા ૪.૦૬% દૂધ પાટડી દૂધ શીત કેન્દ્ર પર કેન મારફત કરવામાં આવે છે. મંડળીઓ ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવેલ બીએમસીની તાલુકાવાર માહીતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | બીએમસીની સંખ્યા | | | | | બીએમસીની માલીકી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫૦૦૦ લી. ની ક્ષમતા | ૪૦૦૦ લી. ની ક્ષમતા | ૩૦૦૦ લી. ની ક્ષમતા | ૨૦૦૦ લી. ની ક્ષમતા | કુલ | દૂધ મંડળી | દૂધ સંઘ |
| ૧ | ચોટીલા | ૧૬ | – | ૦૬ | ૧૦ | ૩૨ | ૧૨ | ૨૦ |
| ૨ | ચુડા | ૦૯ | – | ૦૩ | ૦૬ | ૧૮ | ૦૩ | ૧૫ |
| ૩ | થાનગઢ | ૦૬ | – | ૦૨ | ૦૫ | ૧૩ | ૦૨ | ૧૧ |
| ૪ | દસાડા | ૦૮ | – | ૦૩ | ૦૨ | ૧૩ | ૦૩ | ૧૦ |
| ૫ | ધ્રાંગધ્રા | ૨૦ | – | ૦૬ | ૦૩ | ૨૯ | ૦૮ | ૨૧ |
| ૬ | મુળી | ૦૮ | – | ૦૧ | ૦૧ | ૧૦ | ૦૩ | ૦૭ |
| ૭ | લખતર | ૦૬ | – | ૦૧ | ૦૧ | ૦૮ | – | ૦૮ |
| ૮ | લીંબડી | ૧૧ | – | ૦૪ | ૦૫ | ૨૦ | – | ૨૦ |
| ૯ | વઢવાણ | ૧૭ | – | ૦૬ | ૧૧ | ૩૪ | ૧૪ | ૨૦ |
| ૧૦ | સાયલા | ૧૫ | ૧ | ૦૭ | ૧૦ | ૩૩ | ૧૨ | ૨૧ |
| | કુલ | **૧૧૬** | **૧** | **૩૯** | **૫૪** | **૨૧૦** | **૫૭** | **૧૫૩** |

## : પશુ આહાર – સુરસાગર દાણ :




ગુણવત્તાયુકત દૂધના ઉત્પાદન માટે પશુઓને ગુણવત્તાયુકત આહાર આપવો ખાસ જરૂરી છે. ઘણા બધા દૂધ ઉત્પાદકો દ્વારા બજારમાં મળતા હલકી ગુણવત્તાનું દાણ, કપાસનો ખોળ, ગવારભરડો, મકાઈ ભુંસુ જેવો પશુ આહાર તેમના પશુઓને આપતા હોય છે. પરીણામે તેની અસર દૂધની ગુણવત્તા ઉપર થાય છે.

દૂધના પૂરતા એસ.એન.એફ મળતા નથી, આથી હલકી ગુણવત્તાવાળુ દૂધ મંડળીમાં સ્વીકારવામાં આવતું નથી. જો મંડળી તરફથી આવી હલકી ગુણવત્તાનું દૂધ સ્વીકારવામાં આવે તો દૂધની ગુણવત્તા ઉપર તેની અસર થાય છે. હલકી કક્ષાના પશુ આહારથી પશુઓના આરોગ્ય ઉપર પણ અવળી અસર થાય છે. પશુ સમયસર ગરમીમાં આવતા નથી, પરીણામે સમયસર ગાભણ થતા નથી. આથી બે વિયાણ વચ્ચેનો ગાળો લંબાય છે. પરીણામે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે. આવા નુકશાનથી બચવા માટે પશુઓના આહારમાં નિયમિત ગુણવત્તાયુકત પ્રોટીનથી ભરપુર  સુરસાગર દાણનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે. દૂધ સંઘ પાસે દાણ બનાવવા માટેની પોતાની ફેકટરી નહિ હોવા છતાં દૂધ ઉત્પાદકોના લાભાર્થે અન્ય ડેરીમાંથી સુરસાગર દાણ બનાવી દૂધ સંઘના જવાબદાર કર્મચારીની દેખરેખ હેઠળ સુરસાગર દાણનું નિયત ગુણવત્તા મુજબ પેકીંગ કરાવી નહિ નફો નહિ નુકશાનના ધોરણે પુરૂ પાડવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫  દરમ્યાન માસવાર વેચાણ કરવામાં આવેલ  સુરસાગર દાણ, સુરસાગર પાવર દાણ, બચ્ચાદાણ તથા મીનરલ મીક્ષ્ચરના વેચાણની માહિતી નીચે મુજબ છે.

| માસ :– | એપ્રિલ ૨૦૨૪ | મે ૨૦૨૪ | જુન ૨૦૨૪ | જુલાઈ ૨૦૨૪ | ઓગષ્ટ ૨૦૨૪ | સપ્ટેમ્બર ૨૦૨૪ | ઓકટો. ૨૦૨૪ | નવેમ્બર ૨૦૨૪ | ડિસેમ્બર ૨૦૨૪ | જાન્યુ. ૨૦૨૫ | ફેબ્રુ. ૨૦૨૫ | માર્ચ ૨૦૨૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરસાગર દાણ ૫૦કિલો બોરીનંગ | ૫૮૪૬ | ૫૪૭૫ | ૫૬૮૫ | ૭૧૫૦ | ૭૧૮૭ | ૭૭૮૦ | ૮૦૦૫ | ૬૬૫૯ | ૭૧૨૮ | ૬૦૯૪ | ૬૧૪૨ | ૬૬૨૧ | ૭૯૭૭૨ |
| સુરસાગર પાવરદાણ ૫૦કિલો બોરીનંગ | ૫૩૦ | ૬૧૨ | ૭૦૦ | ૯૬૯ | ૮૨૦ | ૧૫૭૯ | ૧૫૮૬ | ૧૨૭૬ | ૧૨૭૭ | ૧૧૦૦ | ૧૨૭૮ | ૧૪૯૫ | ૧૩૨૨૨ |
| વરદાનદાણ ૨૫કિલો બોરીનંગ | ૪૫ | ૬ | ૮૨ | ૪૨ | ૬૦ | ૩૪ | ૪૨ | ૩૬ | ૨૮ | ૭ | ૦ | ૧૩૯ | ૫૨૧ |
| મીનરલ મિક્ષ્ચર ૧ કિલો પેક | ૭૧ | ૯૮ | ૮૫ | ૧૪૦ | ૮૭ | ૧૨૫ | ૭ | ૪૨ | ૨૩૮ | ૩૯૬ | ૨૩૫ | ૨૩૦ | ૧૭૫૪ |

## : પશુ સારવાર :

જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુઓને સસ્તી સારી અને ઝડપી પશુ સારવાર મળી રહે તે માટે દૂધ સંઘ દ્વારા ટોલ ફ્રી નંબર શરૂ કરી તેના ઉપર સ્પે. વિઝીટ નોંધવામાં આવે છે. જિલ્લાના ૧૦ તાલુકા મથકોએ પશુ સારવાર કેન્દ્ર કાર્યરત કરી ૧૪ ડોકટરોની ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં પશુ સારવાર આપવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૨૫૧૩૩ પશુઓને સારવાર આપેલ છે. તે પૈકી ૧૩૦૦૫ ભેંસ વર્ગના પશુઓ તથા ૧૨૧૨૮ ગાય વર્ગના પશુઓનો સમાવેશ થાય છે. તેમજ ૧૫૧ શીંગડાની કરમોડીના ઓપરેશન કરવામાં આવેલ છે.

## : કૃમિ નિવારણ અભિયાન :

ઘાસચારા સાથે કૃમિ પશુના શરીરમાં પ્રવેશ કરે છે અને ત્યાં રહીને પોષક તત્વોની ચોરી કરે છે. જે રીતે ખેતરમાં નિંદામણ મુખ્ય પાકને નુકશાન કરે છે બિલકુલ તેવી જ રીતે કૃમિ પશુના શરીરના વિકાસને અટકાવે છે. સંક્રમણ વધવાની સ્થિતિમાં ગંભીર બિમારીઓ ઉત્પન્ન થાય છે અને કયારેક પશુનું મરણ પણ થાય છે. આ વર્ષે કૃમિનાશક અભિયાન ચલાવી ૧૦૦% ના સહાયમાં કૃમિનાશક દવાઓ દૂધ મંડળીઓને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન જીલ્લાની ૨૦૮ દૂધ મંડળીઓના કુલ ૯૯૭૯૦ પશુઓને કૃમિ નિવારણની દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

## : રોગ પ્રતિકારક રસીકરણ કાર્યક્રમ :

દૂધ મંડળીઓની માંગણીના આધારે તેમજ ગુજરાત રાજયના પશુપાલન વિભાગના સંકલનમાં ફાળે આવેલ ગામડાઓમાં કૃત્રિમ બીજદાન કર્મચારીઓ મારફત રસીકરણની કામગીરી કરવામાં આવે છે.

- ખરવા–મોવાસા વાયરસ જનિત રોગ છે જેની રસી વર્ષમાં ૨ વખત મુકવાની હોય છે. વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ ૫૦૨૪૨ પશુઓને રસી મુકેલ છે.
- ગળસૂંઢાની રસી ચોમાસુ શરૂ થાય તે પહેલા મે–જૂન માસમાં આપવાની હોય છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૪૦૭૩૧ પશુઓને આ રસી આપવામાં આવેલ છે.

## : પ્રજનન ક્ષમતા સુધારણા (વ્યંધત્વ નિવારણ કેમ્પ) કાર્યક્રમ :

પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત પસંદ કરેલ ગામોમાં ૩ વર્ષ કે તેથી વધારે ઉંમરની પાડી કે વાછરડીઓ જે ગાભણ થયેલ ન હોય તેમજ વસુકી ગયેલ ગાય કે ભેંસ જે વેતરમાં આવતી નથી કે અન્ય કારણોસર ગાભણ થતી નથી તેઓને આ કાર્યક્રમ અંતર્ગત રજીસ્ટર કરવામાં આવે છે. આવા પશુઓને સારવારની સાથે સાથે ૪ બોરી દાણ ૫૦% સહાયમાં આપવામાં આવે છે.

હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ ૯૦ ગામમાં ૩૬૦ કેમ્પનું આયોજન કરી ૪૦૦૭ પશુઓને આ કાર્યક્રમ હેઠળ સારવાર આપેલ છે. ૬૨૮૦ બોરી દાણ સહાય પેટે આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૨૯૧૦ પશુઓ ગાભણ થયેલ છે.

## : કૃત્રિમ બીજદાન :

ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન મેળવવા માટે સારી ઓલાદના પશુ રાખવા જરૂરી છે. સારી ઓલાદના પશુ સંવર્ધન માટે ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન થકી પશુઓને ફેળવવા જરૂરી છે. કૃત્રિમ બીજદાનથી માદા પશુને થતા પ્રજનન જન્ય રોગ અટકાવી શકાય છે.



હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૭૫ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૩૮૦ દૂધ મંડળીઓના ૯૯૮૫ પશુઓને કૃત્રિમ બીજદાન કરેલ છે. જે ભેંસ વર્ગમાં ૫૧૬૪ તથા ગાય વર્ગમાં ૪૮૨૧ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. કૃત્રિમ બીજદાનથી ૪૦૫૦ બચ્ચાઓનો જન્મ થયેલ છે.

### –: સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ :–

કૃત્રિમ બીજદાન નો વ્યાપ વધે અને લોકો તેમના પશુઓને કૃત્રિમ બીજદાન કરાવવા પ્રેરાય તે માટે સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ કે જે ડોઝના ઉપયોગથી ૮૫ થી ૯૦% સુધી માદા બચ્ચાના જન્મની શકયતા રહે છે તેવા ડોઝથી કૃત્રિમ બીજદાન ઓગષ્ટ–૨૦૨૧ થી કાર્યરત છે. આ વર્ષે ૩૨૫ પશુઓને સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ મુકવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૭૧ માદા બચ્ચાઓના જન્મ થયેલ છે. સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝની કિંમત રૂા. ૭૫૦/– છે. પરંતુ દૂધ ઉત્પાદકો નવી વૈજ્ઞાનિક પધ્ધતિથી કૃત્રિમ બીજદાન કરવા પ્રેરાય તેટલા માટે ગ્રાહક પાસેથી ફકત રૂા. ૨૦૦/– ચાર્જ લેવામાં આવે છે. પ્રતિ ડોઝ રૂા. ૫૫૦/–ની સબસીડી આપવામાં આવે છે.

### : ઘરગથ્થુ ઉપચારથી પશુઓની સારવાર :

હાલ ગળીયા (આઉ/આંચળ)ની બીમારીના ઉપચાર માટે ઘરગથ્થુ સારવાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૨૬૨૬ પશુઓને આ પધ્ધતિથી સારવાર આપવામાં આવેલ છે. તે પૈકી ૨૩૦૮ પશુ સફળતાપૂર્વક સાજા થયેલ છે. ભવિષ્યમાં અન્ય બિમારીઓના ઉપચારમાં પણ આ પધ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ કરી એન્ટીબાયોટીક દવાઓનો ઉપયોગ ઘટાડવાનું આયોજન છે.

### : પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

કૃત્રિમ બીજદાનથી જન્મેલ પાડી / વાછરડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થાય એ બાબતે પશુ પાલકોને માહિતગાર કરવા માટેનો કાર્યક્રમ છે. પસંદગી પામેલ માદા બચ્ચાને ખાણ–દાણની સહાય આપવાની જોગવાઈ છે, જે લક્ષ્યાંક આધારિત છે.

૧. દેશી ગાય (ગીર–કાંકરેજ) અને પાડી માટે પ્રથમ વિયાણની ઉંમર ૪૦ માસ

૨. શંકર ગાય માટે પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ.

વર્ષ ૨૦૨૪–૨૫ માં આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૪૪ દૂધ મંડળીઓના ૨૫૯ માદા બચ્ચાઓને રજીસ્ટર કરેલ છે વર્ષ દરમ્યાન કુલ ૫૧૮ બોરી બચ્ચા દાણ તેમજ ૧૯૮ બોરી સુરસાગર દાણ તથા ૪૧૪ કિ.ગ્રા મિનરલ પાવડરની સહાય ચુકવેલ છે.

**કૃત્રિમ બીજદાન થી જન્મેલા પાડી/વાછરડી (વર્ષ ૨૦૨૪–૨૫)ના ઉછેર કાર્યક્રમ અંતર્ગત નોંધણી પામેલ બચ્ચાઓની યાદી**

| ક્રમ | દૂધ મંડળીનું નામ | તાલુકો | પાડી/વાછરડી ઉછેર કાર્યક્રમમાં નોંધણી પામેલ બચ્ચાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મોટા મઢાદ | વઢવાણ | ૩૭ |
| ૨ | નડાળા | સાયલા | ૨૯ |
| ૩ | જસાપર(મ) | મુળી | ૧૮ |
| ૪ | વઢવાણપરા | વઢવાણ | ૧૬ |
| ૫ | લોયા | સાયલા | ૧૫ |
| ૬ | કોટડા | સાયલા | ૧૫ |
| ૭ | મોટા સખપર | સાયલા | ૧૨ |
| ૮ | ચોરવીરા જી | સાયલા | ૧૧ |
| ૯ | વિઠ્ઠલાપરા | સાયલા | ૧૦ |
| ૧૦ | શેખપર | મુળી | ૯ |

| ક્રમ | દૂધ મંડળીનું નામ | તાલુકો | પાડી/વાછરડી ઉછેર કાર્યક્રમમાં નોંધણી પામેલ બચ્ચાની સંખ્યા |
|---|---|---|---|
| ૧૧ | હીરાપુર | ધ્રાંગધ્રા | ૮ |
| ૧૨ | ગોદાવરી | મુળી | ૭ |
| ૧૩ | કલ્યાણપરા | લખતર | ૭ |
| ૧૪ | વિઠ્ઠલગઢ | લખતર | ૭ |
| ૧૫ | વડાલી | ચોટીલા | ૬ |
| ૧૬ | ઝીંઝાવદર | ચુડા | ૫ |
| ૧૭ | સાયલા(મ) | સાયલા | ૪ |
| ૧૮ | જય ઠાકરધણી | લીંબડી | ૪ |
| ૧૯ | બાબાજીપરા | લખતર | ૪ |
| ૨૦ | ખંપાળીયા | મુળી | ૪ |

| ક્રમ | દૂધ મંડળીનું નામ | તાલુકો | પાડી/વાછરડી ઉછેર કાર્યક્રમમાં નોંધણી પામેલ બચ્ચાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૧ | ચુડા | ચુડા | ૩ |
| ૨૨ | સામતપર | સાયલા | ૩ |
| ૨૩ | બોરણા | લીંબડી | ૩ |
| ૨૪ | લટુડા | વઢવાણ | ૨ |
| ૨૫ | દાજીપરા | વઢવાણ | ૨ |
| ૨૬ | સરા(મ) | મુળી | ૨ |
| ૨૭ | નાના મઢાદ | વઢવાણ | ૨ |
| ૨૮ | ભાથરીયા (મ) | લખતર | ૨ |
| ૨૯ | મોરથળા | થાનગઢ | ૨ |
| ૩૦ | ચોબારી | ચોટીલા | ૨ |
| ૩૧ | મળી | મુળી | ૨ |
| ૩૨ | છતરીયાળા | ચુડા | ૨ |

| ક્રમ | દૂધ મંડળીનું નામ | તાલુકો | પાડી/વાછરડી ઉછેર કાર્યક્રમમાં નોંધણી પામેલ બચ્ચાની સંખ્યા |
|---|---|---|---|
| ૩૩ | દાણાવાડા | મુળી | ૨ |
| ૩૪ | નથુપરા | સાયલા | ૧ |
| ૩૫ | લીમલી | મુળી | ૧ |
| ૩૬ | રાજચરાડી | ધ્રાંગધ્રા | ૧ |
| ૩૭ | પાંડવરા | મુળી | ૧ |
| ૩૮ | નવાપરા મેમકા | વઢવાણ | ૧ |
| ૩૯ | મોનપર | ચોટીલા | ૧ |
| ૪૦ | અમરાપર | સાયલા | ૧ |
| ૪૧ | મીણાપુર | ચુડા | ૧ |
| ૪૨ | મોટા ભડલા | સાયલા | ૧ |
| ૪૩ | ખોલડીયાદ | વઢવાણ | ૧ |
| ૪૪ | અંકેવાળીયા | લીંબડી | ૧ |
| | | **ટોટલ** | **૨૫૯** |

## : સ્ટ્રેટેજિક પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

આ કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ પાડી / વાછરડી નીચે જણાવ્યા મુજબના લક્ષ્યાંક પૂર્ણ કરે તો તેને રૂા. ૩૦,૦૦૦/– ની સહાય આપવાની જોગવાઈ છે.

૧. ગીર / કાંકરેજ અને ભેંસ માટે – પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ

૨. શંકર ગાય માટે – પ્રથમ વિયાણની ઉંમર ૨૪ માસ

## : સીડી–આઈ.સી.ડી. કાર્યક્રમ :

ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના સહયોગથી આપણા જિલ્લામાં દૂધ ઉત્પાદકો, સભાસદો, વ્ય.કમીટી સભ્યો તથા મંત્રી, પ્રમુખને દૂધના ધંધામાં સમયાંતરે થતા બદલાવ, આધુનિકરણ અને સંઘ તરફથી મળતી તમામ સેવાઓની માહિતી દરેક સ્તરે પહોંચે અને ઓછા ખર્ચે વધુ સ્વચ્છ અને ગુણવતાયુકત દૂધ ઉત્પાદન થાય, મહિલાઓની સક્રિય ભાગીદારી વધે, દૂધ ઉત્પાદક કક્ષાએ અને મંડળી કક્ષાએ વ્યવસાયિક અભિગમ અપનાવી દૂધ ઉત્પાદકને વધુ વળતર મળે તે માટે અલગ અલગ પ્રોગ્રામો દૂધ મંડળી કક્ષાએ કરવામાં આવે છે અને વાર્ષિક સમીક્ષા પણ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન દૂધ મંડળીના વિકાસ અને પશુપાલકોના આર્થિક ઉધ્ધાર માટે ચાલતા સીડી–આઈ.સી.ડી. કાર્યક્રમ અંતર્ગત કુલ ૨૪ ધ્યેય નિર્ધારણ કાર્યક્રમ (VMS) તથા ૨૩ મહિલા શૈક્ષણિક કાર્યક્રમ અને ૨૪ પશુપાલક જાગૃતિ કાર્યક્રમ (વાર્ષિક સમિક્ષા), ૫ દિવા કાર્યક્રમ અને ૪ MCMT કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**મહિલા શિક્ષણ વર્ગ**



મહિલા દૂધ ઉત્પાદકોને પાયાનું જ્ઞાન આપવામાં આવે છે.

**ધ્યેય નિર્ધારણ કાર્યશાળા**



મંડળીનું ધ્યેય નક્કી કરી વિકાસ યાત્રા બનાવવામાં આવે છે.

**દૂધ ઉત્પાદક – મંડળી સંકલિત વિકાસ આયોજન કાર્યક્રમ**



દૂધ ઉત્પાદક જાતે કાર્ય આયોજન કરે છે.

**મેનેજમેન્ટ કમીટી સભ્યોનો તાલીમ કાર્યક્રમ(MCMT)**



વ્ય.કમીટી સભ્યને પોતાની મંડળી પ્રત્યેની જવાબદારીઓની સમજ

## : ગળીયા રોગ નિયંત્રણ કાર્યક્રમ :

પાચન સબંધી તકલીફો પછી દૂધાળા પશુઓમાં સૌથી વધુ થતો રોગ એ ગળીયા (આંચળ / બાવલાની બિમારી) નો રોગ છે. આ રોગમાં ઘણી વખત ભારેમાં ભારે એન્ટીબાયોટીક દવા પણ અસર કરતી નથી. તેમજ એન્ટીબાયોટીક દવાઓના અવશેષો ઓછામાં ઓછા ૭૨ કલાક સુધી દૂધમાં આવે છે. આથી આવા દૂધનો વપરાશ હાનિકારક છે. જેના કારણે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે.

છુપાયેલો ગળીયો :– ગળીયાના રોગની પ્રારંભિક અવસ્થા છે. જેમાં કોઈ બહારી લક્ષણો દેખાતા નથી. પરંતુ ફકત દૂધના ઉત્પાદનમાં થોડોક ઘટાડો થાય છે. જો આ રોગનું તેના પ્રારંભિક અવસ્થામાં નિદાન કરવામાં આવે તો તેની સરળતાથી સારવાર કરી શકાય છે. તેમજ દૂધના ઉત્પાદનમાં થતો ઘટાડો રોકી શકાય છે.

કેલીફોર્નીયા મેસ્ટાટીસ ટેસ્ટ (CMT) :– આ ટેસ્ટ થી છુપાયેલા ગળીયાના રોગનું નિદાન થઈ શકે છે અને તેને સારવાર આપી શકાય છે.

હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ માં કુલ ૩૪ દૂધ મંડળીઓના ૪૯૩૩ ગ્રાહકોના દૂધના સેમ્પલનો CMT તપાસ કરતાં ૬૭૦ ગ્રાહકોના દૂધના સેમ્પલો પોઝીટીવ આવતા આ ગ્રાહકોના ૨૦૬૪ પશુઓની CMT તપાસ કરવામાં આવેલ જેમાંથી ૧૦૩૬ પશુઓ પોઝીટીવ આવેલ જેઓને સારવાર આપવામાં આવેલ તે પૈકી ૭૧૮ પશુઓ સ્વસ્થ થયેલ છે.

## :: પશુ સારવાર–પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની માહિતી દર્શાવતુ પત્રક ::

| અ.નં. | પ્રવૃતિની વિગત | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ | ૨૦૨૪–૨૫ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર–સ્પેશ્યલ વિઝિટ | ૨૦૫૮૫ | ૨૪૦૧૫ | ૨૪૬૨૪ | ૨૪૬૦૧ | ૨૫૧૩૩ |
| ૨. | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પ :– | | | | | |
| | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પની સંખ્યા | ૧૧૪ | ૨૪૯ | ૧૭૬ | ૨૯૬ | ૯૦ |
| | સારવાર થયેલ પશુની સંખ્યા | ૧૩૧૦ | ૪૩૯૯ | ૨૨૦૨ | ૩૮૫૫ | ૪૦૦૭ |
| ૩. | કૃત્રિમ બીજદાન કેન્દ્ર :– | | | | | |
| | કૃત્રિમ બીજદાન કેન્દ્રની સંખ્યા | ૩૮ | ૭૩ | ૯૨ | ૯૦ | ૭૫ |
| | થયેલ કૃત્રિમ બીજદાનની સંખ્યા | ૧૧૦૦૨ | ૧૨૪૮૩ | ૧૬૩૭૮ | ૧૫૨૧૧ | ૯૯૮૫ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | ૨૨૧૮૪ | ૪૪૩૭૦ | ૧૧૦૩૧૦ | ૧૨૩૯૪૫ | ૯૯૭૯૦ |
| ૫. | રસીકરણ :– | | | | | |
| | ખરવા–મોવાસા | ૩૮૦૨૨ | ૨૪૫૦૦ | ૧૪૬૭૬ | ૫૩૨૩૮ | ૫૦૨૪૨ |
| | ગળસૂંઢો | ૪૫૩૯ | ૭૯૭૬૦ | ૬૧૦૫૮ | ૬૦૫૧૮ | ૪૦૭૩૧ |
| ૬. | પશુપાલક જાગૃતિ / શૈક્ષણિક કાર્યક્રમ | ૬૦ | ૮૦ | ૫૪ | ૪૨ | ૭૬ |

## : ભાવિ આયોજન :

**વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ** :– વર્ષ ૨૦૨૫–૨૬ માં ૯૦ ગામના ૩૦૦૦ જેટલા પશુઓને આ કાર્યક્રમ અંતર્ગત સારવાર આપવાનું લક્ષ્ય રાખેલ છે.

**કૃત્રિમ બીજદાન કેન્દ્ર** :– હાલમાં ૯૦ કૃત્રિમ બીજદાન કેન્દ્ર ચાલુ છે. તેમાં વધારો કરી વર્ષ ૨૦૨૫–૨૬ ના અંત સુધીમાં ૧૨૦ જેટલા બીજદાન કેન્દ્ર કાર્યરત કરવાનું આયોજન છે.

**કેટલ ફીડ પ્લાન્ટ** :– પશુપાલનના વ્યવસાયમાં ૭૦ થી ૮૦ ટકા ખર્ચ પશુઓના ખોરાક(આહાર) ઉપર થાય છે. દૂધાળા પશુઓને પૌષ્ટિક સમતોલ આહાર ખવડાવવુ ખૂબજ જરૂરી છે. સાથો–સાથ આ સમતોલ આહાર વ્યાજબી ભાવેથી પશુપાલકોને મળી રહે તે માટે દૂધ સંઘ દ્વારા ૧૫૦ મેટ્રીક ટન પ્રતિદિવસ ક્ષમતાનો કેટલ ફીડ પ્લાન્ટ બનાવવાનું આયોજન કરેલ છે. જેની ક્ષમતા ૩૦૦ મેટ્રીક ટન પ્રતિદિવસ સુધી વિસ્તારી શકાશે.

આ પ્લાન્ટ તૈયાર થવાથી આપણા જીલ્લાના પશુપાલકોને પશુઓની જરૂરીયાત મુજબ પોષણક્ષમ પશુઆહાર વ્યાજબી ભાવે ઘર આંગણે મળી શકશે. પૌષ્ટિક અને સમતોલ પશુઆહાર ખવડાવવાથી પશુ દીઠ દૂધ ઉત્પાદનમાં વધારો થશે અને પશુઓનું સ્વાસ્થ સારુ રહેશે જેથી પશુપાલકોને આર્થીક ફાયદો થશે. આપણા જીલ્લામાં કેટલ ફિડ પ્લાન્ટ બનવાથી રોજગારી વધશે અને દૂધ સંઘ તેમજ સુરેન્દ્રનગર જીલ્લો પ્રગતિના પંથે અગ્રેસર થશે.



**: સ્વ–રોજગાર ના હેતુ ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય યોજના :**

આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેય ને સાર્થક કરવા તથા સ્વ–રોજગારીના ઉપાર્જનના હેતુથી રાજય સરકારશ્રીની સહાયથી ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના વર્ષ ૨૦૧૮–૧૯ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અન્વયેની માહિતી નીચે મુજબ છે.

**સ્વ–રોજગાર ના હેતુસર ૧૨ દૂધાળા પશુઓના કેટલશેડની સહાયની યોજના**

| અ.નં. | પ્રોજેક્ટ વર્ષ | તબેલાઓની સંખ્યા | સહાય | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૩૯ | કેપીટલ સહાય | ૮૯૦૬૭૬૩ |
| ૨ | | | વ્યાજ સહાય | ૨૬૧૭૭૮૫ |
| ૩ | ૨૦૧૯–૨૦ | ૧૪ | કેપીટલ સહાય | ૩૦૧૦૪૮૯ |
| ૪ | | | વ્યાજ સહાય | ૮૦૩૩૦૬ |
| ૫ | ૨૦૨૦–૨૧ | ૧૪ | કેપીટલ સહાય | ૩૧૩૬૭૮૬ |
| ૬ | | | વ્યાજ સહાય | ૯૨૭૦૫૮ |
| ૭ | ૨૦૨૧–૨૨ | ૫ | કેપીટલ સહાય | ૧૧૨૬૩૩૬ |
| ૮ | | | વ્યાજ સહાય | ૩૬૯૬૯૧ |
| ૯ | ૨૦૨૨–૨૩ | ૭ | કેપીટલ સહાય | ૧૯૧૦૮૩૨ |
| ૧૦ | | | વ્યાજ સહાય | ૧૮૫૦૯૧ |
| ૧૧ | ૨૦૨૩–૨૪ | ૬ | કેપીટલ સહાય | ૧૩૫૪૦૩૭ |
| ૧૨ | | | વ્યાજ સહાય | ૬૫૭૩૯૫ |
| | | | **ટોટલ સહાય** | **૨૫૦૦૫૫૬૯** |

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., દ્વારા અમલીકૃત ગુજરાત સરકારશ્રીની ‘‘સ્વરોજગારીના હેતુસર ૧૨ દૂધાળા પશુના કેટલશેડ સ્થાપવાની સહાયની યોજના વર્ષ ૨૦૨૩–૨૪’’ અંતર્ગત દૂધ સંઘ સંકલીત કુલ પાંચ (૫) દૂધ મંડળી શ્રી ચોબારી દૂધ ઉ.સ.મં.લી., શ્રી બાવળી દૂધ ઉ.સ.મં.લી., શ્રી લોયા દૂધ ઉ.સ.મં.લી., શ્રી ભોજપરા(ચો)દૂધ ઉ.સ.મં.લી. તથા શ્રી રામગઢ(નોલી) દૂધ ઉ.સ.મં.લી. ના કુલ છ (૬) ગ્રાહકો એ સહાયનો લાભ લીધેલ છે.

### સ્વ–રોજગાર ના હેતુસર ૫૦ દૂધાળા ગીર/કાંકરેજ પશુઓના કેટલશેડની સહાયની યોજના

| અ.નં. | પ્રોજેક્ટ વર્ષ | તબેલાઓની સંખ્યા | સહાય | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨–૨૩ | ૧ | કેપીટલ સહાય | ૬૮૦૦૦૦ |
| ૨ | | | વ્યાજ સહાય | ૨૦૧૫૩૧ |
| ૩ | ૨૦૨૩–૨૪ | ૨ | કેપીટલ સહાય | ૧૨૫૫૧૨૧ |
| ૪ | | | વ્યાજ સહાય | ૯૮૮૭૦ |

વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન સ્વ–રોજગારીના હેતુસર ૫૦ દૂધાળા પશુયોજના અંતર્ગત શ્રી ઝીંઝુડા દૂધ ઉ.સ.મં.લી. તથા શ્રી ઝીંઝાવદર દૂધ ઉ.સ.મં. લી. ના પશુપાલકોએ સહાયનો લાભ લીધેલ છે.

### : ગોબરધન (ગોબરગેસ) યોજના વર્ષ ૨૦૨૪–૨૫ :

ગુજરાત સરકારશ્રી દ્વારા નિર્મળ ગ્રામ યોજના અંતર્ગત પશુપાલકોને બાયોગેસ સ્થાપવા માટે સહાય આપવા આયોજન કરેલ છે. આ યોજના નો લાભ લેનાર પશુપાલકને શુધ્ધ ઘરવપરાશનું ઈંધણની સાથે ગોબરગેસ પ્લાન્ટ માંથી ઉત્પન્ન થતી સ્લરી(રબડુ) નો ઉપયોગ કરી ગાય આધારીત ખેતી તરફ વાળવાનો પ્રયત્ન છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના ‘‘સ્વચ્છ ગામ અને ગોબર મુકત ગામ’’ ના સ્વપ્નને સાકાર કરવાના હેતુથી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂ.ઉ.સંઘ લી. દ્વારા આવા ૨૦૦ ગોબરગેસ સ્થાપવાનો લક્ષ્યાંક રાખેલ છે જે પૈકી અત્યાર સુધીમાં સ્થપાયેલ ગોબરગેસની યાદી નીચે મુજબ છે.

### યોજના અંતર્ગત નીચે મુજબની દૂધ મંડળીઓમાં ગોબરગસ પ્લાન્ટ સ્થાપિત થયેલ છે.

| અ.નં. | ગામનું નામ | તાલુકો | કુલ |
|---|---|---|---|
| ૧ | નડાળા | સાયલા | ૧૫ |
| ૨ | ખાખરાથળ | થાન | ૧૪ |
| ૩ | કોટડા | સાયલા | ૧૩ |
| ૪ | નવા રાયસંગપર | મુળી | ૧૨ |
| ૫ | અમરાપર (વાટા વચ્છ) | સાયલા | ૬ |
| ૬ | ધજાળા | સાયલા | ૪ |
| ૭ | ટુવા | વઢવાણ | ૪ |
| ૮ | આસુંદ્રાળી | મુળી | ૧ |
| | | કુલ | ૬૯ |

### : કુદરતી સંશાધનો નો ઉપયોગ :

સોલાર પ્રોજેક્ટ :– સુરેન્દ્રનગર જીલ્લા દૂધ સંઘ દ્વારા ૪૦૦ KW નો સોલાર પાવર પ્રોજેક્ટ ડેરી કંમ્પાઉન્ડમાં ADM ઓફીસ બિલ્ડીંગ, બગીચા વિસ્તાર તેમજ ડેરી પ્લાન્ટની અગાસી પર કાર્યરત કરવામાં આવેલ છે. જેના દ્વારા અંદાજીત દૈનિક ૧૫૫૩ યુનીટ વીજળી ઉત્પન્ન થાય છે. જેનાથી દૂધ સંઘના વીજળી બીલમાં ઘણી બચત થયેલ છે. આ પ્લાન્ટ દ્વારા વાર્ષિક અંદાજીત ૫,૬૬,૮૩૬ યુનિટ વીજળી ઉત્પન્ન થયેલ છે. આમ વર્ષે કુલ ૪૮,૭૪,૭૮૯ રૂપિયાની વીજળી બિલમાં બચત થયેલ છે. સુરેન્દ્રનગર જીલ્લા દૂધ સંઘ દ્વારા ૫૪૦ KW નો સોલાર પાવર

પ્રોજેકટ સુરસાગર ડેરી યુનિટ–II (આઈસ્ક્રિમ પ્લાન્ટ) ખાતે પ્રોડકશન બિલ્ડીંગ તથા યુટીલીટી બિલ્ડીંગની અગાસી પર તા. ૨૩/૦૧/૨૦૨૫ થી કાર્યરત થયેલ છે. જેના દ્વારા દૈનિક ૨૫૮૪ યુનીટ વીજળી ઉત્પન્ન થાય છે. જે દ્વારા માર્ચ–૨૦૨૫ સુધીમાં ૧૭૫૭૦૨ યુનીટ વીજળી ઉત્પન્ન થયેલ છે. આમ આ ગાળામાં કુલ ૨૧,૦૮,૪૦૦ રૂપિયાની વીજળી બીલમાં બચત થયેલ છે. ઉપરાંત આ પ્લાન્ટથી ઉત્પન્ન થતી વીજળીથી કાર્બન ઉત્સર્જન થતુ નથી અને પર્યાવરણમાં સુધારો થાય છે.

**વરસાદી પાણીનો બચાવ :–** વર્ષાઋતુમાં પડતા મોટાભાગનું વરસાદનું પાણી નદી, નાળા, ગટર માં વહી જાય છે. આવુ પાણી જો જમીનમાં ઉતારવામાં આવે તો જમીનમાં પાણીના સ્તર ઉચા આવે છે. જળ એજ જીવન સુત્રને સાર્થક કરવા સુરેન્દ્રનગર જીલ્લા દૂધ સંઘે વઢવાણ ડેરી પ્લાન્ટ ખાતે પાંચ અલગ–અલગ જગ્યાએ પાણી રિચાર્જ બોરવેલ (રેઈન વોટર હાર્વેસ્ટિંગ) સિસ્ટમ લગાવવામાં આવી છે. વરસાદી સીઝન દરમ્યાન અંદાજીત ૫૦,૦૦,૦૦૦ લિટર પાણી જમીનમાં ઉતરશે એવો અંદાજ છે. વરસાદનું પાણી ઉત્તમ પ્રકારનું પાણી હોય છે. જેથી લાંબા ગાળે જમીનની અને પાણીની ગુણવત્તામાં સુધારો થશે. આમ પર્યાવરણની દ્રષ્ટિએ પણ ઘણો ફાયદો થશે. ભવિષ્યમાં આ પ્રોજેકટથી આજુબાજુના વિસ્તારોમાં પણ પાણીના સ્તર ઊંચા આવશે.

**ફાયર હાઈડ્રેન્ટ સિસ્ટમ :–** સુરેન્દ્રનગર જીલ્લા દૂધ સંઘની ઓફિસ અને ડેરી પ્લાન્ટમાં તથા સુરસાગર ડેરી યુનિટ–II (આઈસ્ક્રિમ પ્લાન્ટ)માં ઓટોમેટીક ફાયર હાઈડ્રેન્ટ સિસ્ટમ તથા ફાયર એલાર્મ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેના દ્વારા કોઈ આકસ્મિક આગની દુર્ઘટના બને તો તેનાથી મોટી દુર્ઘટના અને આર્થિક નુકશાન અટકાવી શકાય છે. અને જાન–માલને રક્ષણ આપી શકાય છે.

## : વૃક્ષારોપણ – પર્યાવરણ જાળવણી :




પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું ખૂબજ મહત્વ છે. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. શ્વેતક્રાન્તિની સાથે સાથે હરિતક્રાન્તિ માટે ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોને સામેલ કરી સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન બધાના સામુહિક પ્રયાસો થકી ૬૦૧૪૬ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જી.સી.એમ.એમ.એફ.લી. આણંદ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને અમુલગ્રીન એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

## : સભાસદ/ગ્રાહક કલ્યાણકારી વિવિધ યોજનાઓ :

જિલ્લાની દૂધ મંડળીઓના સભાસદો / ગ્રાહકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા નીચે જણાવ્યા મુજબની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે.

### :: ગ્રાહક મરણોતર સહાય યોજના ::

દૂધ મંડળીના પશુપાલકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા ગ્રાહક મરણોત્તર સહાય યોજના દૂધ સંઘના સ્વ ભંડોળમાંથી ચલાવવામાં આવે છે. આ યોજના અનુસાર મૃતક ગ્રાહકના નામે ચાલુ હિસાબી વર્ષમાં અથવા તેના અગાઉના હિસાબી વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ દૂધ ભરાવેલ હોય તેવા ગ્રાહકના વારસદારને દૂધ સંઘ દ્વારા રૂા. ૫૫,૦૦૦/– સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૫૩૫ ગ્રાહકોના મૃત્યુ થતાં તેના વારસદારોને રૂા. ૨,૮૧,૪૯,૦૦૦/– ની માતબર સહાય તેમના બેંક ખાતામાં ચેક મારફત ચુકવવામાં આવેલ છે. આ યોજનામાં ગ્રાહકની ઉંમરની કોઈ મર્યાદા નહી હોવાથી દૂધ ભરતા તમામ ગ્રાહકોને મરણોત્તરના કિસ્સામાં આ સહાયનો લાભ મળી રહયો છે.

### :: જુથ વીમા યોજના ::

ભારતીય જીવન વીમા નિગમની જી.આઈ.(જુથ વીમા) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ માં ૬૫૮ દૂધ મંડળીના ૫૫૦૯૩ દૂધ ઉત્પાદકોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં પ્રત્યેક દૂધ ઉત્પાદક દીઠ રૂા. ૨૦૩.૫૫ પૈસા મુજબ પ્રિમીયમ ભરવાનું થાય છે. તે મુજબ કુલ રૂા. ૧,૧૨,૧૪,૧૮૦.૧૫ પૈસા પ્રિમીયમના ચુકવવાના થાય જેના ૫૦% મુજબ સહાયના રૂા. ૫૬,૦૬,૮૧૪.૬૧ પૈસા દૂધ સંઘ દ્વારા તેમજ પ્રિમીયમની બાકી રકમ દૂધ મંડળી / ગ્રાહકો દ્વારા ચુકવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કુલ ૧૪૭ કલેઈમ થયેલ છે જેમાં ૧ પેન્ડીંગ છે બાકીના કલેઈમ મંજૂર થયેલ છે. જેના વીમાની કુલ રકમ રૂા. ૯૦,૭૮,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારને એલ.આઈ.સી મારફત વ્યકિતદીઠ સહાય રૂા. ૭૫,૦૦૦/– સીધા જ તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવેલ છે.

### :: ગૃપ અકસ્માત વીમા યોજના ::




શ્રી રામ જનરલ ઈન્સ્યોરન્સ કાું. મારફત દૂધ સંઘની તમામ મંડળીઓ / દૂધ ખરીદ કેન્દ્રોના ૧,૦૫,૯૨૨ જેટલા સભાસદો / ગ્રાહકોને ગૃપ અકસ્માત વીમા યોજના નીચે આવરી લેવામાં આવેલ છે. સદર યોજનામાં પ્રતિ સભાસદ / ગ્રાહક દીઠ રૂા. ૧૭.૦૦ મુજબ કુલ રૂા. ૧૮,૦૦,૦૦૦/– નું પ્રિમીયમ દૂધ સંઘ દ્વારા વીમા કંપનીને ચુકવવામાં આવેલ છે.

હિસાબી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન આ યોજના નીચે કુલ ૧૩ કલેઈમ થયેલ છે તે પૈકી ૧૧ કલેઈમ મંજૂર થયેલ છે. જેના વીમા કલેઈમની રકમ રૂા. ૨૨,૦૦,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારના બેંક ખાતામાં સીધા જમા આપવામાં આવેલ છે.

## :: સભાસદ / પશુપાલક કલ્યાણકારી યોજનાનું પત્રક ::

| ક્રમ | યોજનાનું નામ | દૂધ મંડળીની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | પ્રિમીયમની કુલ રકમ રૂપિયા | દૂધ સંઘે ભોગવેલ રકમ રૂપિયા | મંડળી પાસેથી કપાત કરેલ રકમ રૂપિયા | કુલ કલેઈમ | મંજુર થયેલ કલેઈમ | મંજુર થયેલ રકમ રૂપિયા | પેન્ડીંગ કલેઈમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જુથ વીમા યોજના (LIC) | ૬૫૮ | ૫૫૦૯૩ | ૧૧૨૧૪૧૮૦.૧૫ | ૫૬૦૬૮૧૪.૬૧ | ૫૬૦૭૩૬૫.૫૪ | ૧૪૭ | ૧૪૬ | ૯૦૭૮૦૦૦ | ૧ |
| ૨. | ગૃપ અકસ્માત વીમા યોજના (શ્રી રામ જનરલ ઈન્સ્યો. કંપની) | ૭૩૮ | ૧૦૫૯૨૨ | ૧૮૦૦૦૦૦.૦૦ | ૧૮૦૦૦૦૦.૦૦ | – | ૧૩ | ૧૧ | ૨૨૦૦૦૦૦ | ૨ |
| ૩. | મરણોત્તર સહાય યોજના (સ્વભંડોળમાંથી) | – | દૂધ સંઘના સ્વભંડોળ માંથી | | | | ૫૩૫ | ૫૩૫ | ૨૮૧૪૯૦૦૦ | – |

## : દૂધ સંઘ તરફથી દૂધ મંડળીઓને સહાય :

દૂધ મંડળીઓને માળખાકીય સગવડો પ્રાપ્ત થાય મંડળીઓ પર ગ્રાહકોના દૂધની ચકાસણી થઈ દૂધની ગુણવતામાં સુધારો થઈ શકે તે માટે BMC ધરાવતી મંડળીઓ ઈન્ડીફોસ મશીન ખરીદીમાં રૂા. ૫૦,૦૦૦/– સહાય ચુકવવામાં આવે છે.

ડેરી શૈક્ષણીક પ્રવાસ યોજના હેઠળ પશુપાલકોમાં વૈજ્ઞાનિક અને આધુનિક ધોરણે દૂધના ધંધાની જાણકારી મળે તે હેતુથી દૂધ ઉત્પાદકોના ત્રણ દિવસના ડેરી શૈક્ષણિક પ્રવાસ સહાયમાં ૫૧ સભ્યોના મહિલા પ્રવાસમાં સહાય રૂા. ૧૦,૦૦૦/– તેમજ મહિલા + પુરૂષોના જનરલ ડેરી શૈક્ષણિક પ્રવાસમાં રૂા. ૯૦૦૦/– સહાય ચુકવવામાં આવે છે. મંડળીના કમીટી સભ્યના ડેરી શૈક્ષણિક પ્રવાસ માટે ૨ દિવસના પ્રવાસ સહાય રૂા. ૪૫૦૦/– ચુકવવામાં આવે છે.

દૂધ ઘર બનાવવા માટે મંડળીઓને બાંધકામના માપ સાઈઝના ધોરણ મુજબ સહાય ચુકવવામાં આવે છે.

| અ.નં. | દૂધ ઘર સાઈઝ ફુટમાં | કુલ બિલ્ડ અપ એરીયા(કુલ ચો. ફુટ) | દૈનિક દૂધ (કિલો) | દૂધ ઘર સહાય (રૂા.) |
|---|---|---|---|---|
| ૧. | ૨૫ × ૨૫ | ૬૨૫ | ૧૦૦–૩૦૦ | ૧,૫૦,૦૦૦/– |
| ૨. | ૩૦ × ૪૦ | ૧૨૦૦ | ૩૦૧–૫૦૦ | ૨,૨૫,૦૦૦/– |
| ૩. | ૪૦ × ૫૦ | ૨૦૦૦ | ૫૦૧ થી વધુ | ૩,૦૦,૦૦૦/– |

ઉપરોકત યોજના મુજબ ચાલુ વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૦૧ મંડળીએ બનાવેલ ૦૧ દૂધ ઘરમાં કુલ સહાય રૂા. ૩,૦૦,૦૦૦/– ચુકવવામાં આવેલ છે. તેમજ આ ઉપરાંત સરકારશ્રી તરફથી માળખાકીય સુવિધા યોજનામાં સંઘના માધ્યમથી મંડળીઓને દૂધ ઘર બાંધકામ સહાય રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) ચુકવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૦૧ મંડળીને કુલ સહાય રૂા. ૫,૦૦,૦૦૦/– વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન ચુકવાયેલ છે.



## : ઈન્ફરમેશન ટેકનોલોજી :

### : કોમન એએમસીએસ પ્રોગ્રામ :

તમામ દૂધ સંઘો તથા દૂધ મંડળીઓના વહીવટમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા દૂધ મંડળીઓના કોમ્પ્યુટરમાં અમૂલ કોમન ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમનો સોફટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. દૂધ સંઘ સાથે સંકળાયેલ તમામ દૂધ મંડળીઓ તથા દૂધ ખરીદ કેન્દ્રો ઉપર અમૂલ કોમન એએમસીએસ નો પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરેલ છે. આ પ્રોગ્રામ દ્વારા તમામ સભાસદ / ગ્રાહક વિશેની સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. તેવી જ રીતે આ પ્રોગ્રામ થકી ગ્રાહકોને પણ તેમના રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર ઉપર મંડળીમાં ભરાવેલ દૂધ, તેના ફેટ, તેની કિંમત વગેરેની માહિતી ટંકે ટંક મેસેજ દ્વારા મળી રહે છે. એક દિવસમાં વધુમાં વધુ ૪૯૦૦૦ ગ્રાહકોને મેસેજ દ્વારા માહિતગાર કરવામાં આવેલ છે. અમૂલ ફાર્મર એપ થકી ગ્રાહક પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ઉપર ગમે ત્યારે ઉપર મુજબની માહિતીથી વાકેફ થઈ શકે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૧૪૧૧૧ ગ્રાહકો દ્વારા ફાર્મર એપનો ઉપયોગ કરવામાં આવેલ છે. દૂધ મંડળીઓને દૂધ બીલ–પરિપત્રો તથા અગત્યની ટપાલો વેબ પોર્ટલ મારફત સીધા જે તે મંડળીના કોમ્પ્યુટરમાં મળી જાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત સેક્રેટરી એપ મારફત પણ આ સુવિધા આપવામાં આવે છે. સેક્રેટરી એપ મારફત બી.એમ.સી. તથા SAP માં લીધેલા દૂધના વજન/ફેટ/એસ.એન.એફ. ના નોટીફીકેશન મળે તેવી સુવિધા દૂધ સંઘ દ્વારા કરવામાં આવેલ છે.

### : જી.પી.એસ. સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંલગ્ન બીએમસી ઉપરથી ડેરી પ્લાન્ટ ઉપર દૂધ પરિવહનની કામગીરી ટેન્કરો મારફત કરવામાં આવે છે. જે ટેન્કરો મારફત દૂધ પરિવહનની કામગીરી કરવામાં આવે છે તે તમામ ટેન્કરોમાં જી.પી.એસ. સીસ્ટમ લગાવી ટ્રેકીંગ કરવાની કામગીરી ચાલુ છે.

જી.પી.એસ. સીસ્ટમ ચાલુ થવાથી ટેન્કર ડેરીમાંથી કેટલા સમયે નીકળ્યુ ત્યાંથી પ્રથમ બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી ટેન્કર ભરાઈને કેટલા વાગે નીકળ્યુ અને બીજા બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી દૂધ લઈને કેટલા કલાકે ઉપડયું કેટલા સમયે ત્રીજા બીએમસી ઉપર કે ડેરી પ્લાન્ટ ઉપર કેટલા સમયે પહોંચ્યુ તેનો શરૂઆત થી આખર સુધીનો રીપોર્ટ જનરેટ થાય છે. જેના ઉપરથી કોઈપણ જગ્યાએ બીન જરૂરી રોકાણ કરવામાં આવતુ હોય તો તેના આધારે જરૂરી કાર્યવાહી થઈ શકે છે તેમજ દૂધ પરિવહનની કામગીરી માં ઝડપ લાવી શકાય છે.

## : સહકારથી સમૃધ્ધિ :

આપણા ભારત દેશને ડિજિટલ ભારત બનાવવા અને સહકાર ક્ષેત્રના નાણાં સહકાર ક્ષેત્રમાં રહે તે માટે દેશના યશસ્વી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને પ્રથમ સહકારીતા માન. મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ દ્વારા અનેક પહેલ હાથ ધરવામાં આવી રહી છે તે અંતર્ગત સહકારી સંસ્થાઓ સહકારી સંસ્થા સાથે જ આર્થિક વ્યવહાર કરે તે માટે **C to C** (કો.ઓપરેટિવ્સ ટુ કો.ઓપરેટિવ્સ)નું સુત્ર આપ્યુ છે અને આ સુત્ર સાકાર કરવા દૂધ ઉત્પાદકોના સહકારી બેંકોમાં ખાતા ખોલવામાં આવી રહયા છે અને ગામમાં જ **ATM** અને માઈક્રો **ATM** ની વ્યવસ્થા ઉભી કરવામાં જિલ્લા દૂધ સંઘ દ્વારા સંપૂર્ણ

સહકાર આપવામાં આવી રહેલ છે. જિલ્લાની તમામ દૂધ સહકારી મંડળીઓના બેંક ખાતા તથા દૂધ સહકારી મંડળીઓ સાથે જોડાયેલ તમામ પશુપાલકોના બેંક ખાતા જિલ્લાની મધ્યસ્થ બેંકમાં ખોલાવવાની કામગીરી પુર ઝડપમાં ચાલુ છે. અત્યાર સુધી ૩૯૦૦૦ કરતા વધુ પશુપાલકોના બેંક ખાતા જિલ્લા મધ્યસ્થ બેંકમાં ખોલાવી નાખેલ છે. તથા દૂધ મંડળીઓ પર ૩૫૦ જેટલા માઈક્રો એટીએમ આપવામાં આવેલ છે.

## : આઈ.એસ.ઓ સર્ટીફીકેટ :

કવોલીટી મેનેજમેન્ટ સીસ્ટમ (QMS ISO 9001:2015) તથા ફુડ સેફટી સીસ્ટમ સર્ટીફીકેટ (22000(વર્જન ૬) 2018) નીતિ અન્વયે અમો સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે દૂધની ગુણવત્તા અને સલામતી માટે દૂધ અને દૂધ ઉત્પાદનો ઉત્પન્ન કરીને સારી ગુણવત્તા દ્વારા ગ્રાહકોના વિશ્વાસને જીતવા માટે પ્રતિબધ્ધ છીએ.

આ અમે ગ્રાહકની આવશ્યકતાઓ સાથે તમામ વૈજ્ઞાનિક અને નિયમનકારીને અપનાવીને મેળવીશું અને અમારામાં રસ ધરાવતા પક્ષો સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીશું.

એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ :– (EMS ISO 14001:2015) પર્યાવરણ નીતિ અન્વયે સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે થતી પ્રવૃતિઓ અને કામગીરીની સતત સમીક્ષા કરીએ છીએ. જેથી આપણા પર્યાવરણ પર થતી અસરને ઓળખી શકાય અને તેનાથી થતી અસરને ઘટાડવા માટે કાર્ય નકકી કરીએ છીએ.

અમારા પર્યાવરણીય હેતુના ભાગ રૂપે અમે :–

– સતત અમારી ઉર્જા અને સંશોધન વપરાશમાં સુધારો કરવા, સતત પેદા થતા કચરાને ઘટાડવા અને સામાન્ય રીતે પ્રદૂષણ અટકાવવા પ્રયત્નશીલ છીએ.
– સંબંધિત સમગ્ર કાયદાકીય અને નિયમિતકારી આવશ્યકતાઓને પહોંચી વળવા અથવા તેને આંબવાનો પ્રયત્ન કરીએ છીએ.
– અમારા કર્મચારીઓ વચ્ચે આત્મીયતા અને સિધ્ધાંતિક મુદ્દાઓની ઉચ્ચસ્તરની જાગૃતિને પ્રોત્સાહિત કરી અને અમારા તાલીમ કાર્યક્રમના મુખ્ય ઘટક તરીકે પર્યાવરણની વ્યવસ્થાપન કરીએ છીએ.
– અમારી સાથે કામ કરવામાં રસ ધરાવતા અને મેનેજમેન્ટ સમીક્ષા પ્રક્રિયા સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીએ છીએ.

## : એચ. આર. પ્રવૃતિ :

સંઘના કર્મચારીઓની કાર્યક્ષમતા, નિષ્ઠા, વફાદારી અને શિસ્તથી પોતાની ફરજો નિભાવે છે તેઓનો કામ પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે સંઘ દ્વારા નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

(૧) સુપર એન્યુએશન સ્કીમ (૨) નેશનલ પેન્શન સ્કીમ(NPS) (૩) મેડીકલ તથા ગૃપ અકસ્માત વીમો

(૪) લીવ એન્કેશમેન્ટ (EL & ML) (૫) ગ્રેજ્યુઈટી (૬) એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ સ્કીમ (EPF)

વર્ષ ૨૦૨૪–૨૫માં સંઘ દ્વારા કર્મચારીઓને બોનસ પેટે રૂા. ૩૭૪૧૮૫૩/– તથા ઈન્સેન્ટીવ પેટે રૂા. ૨૫૫૨૨૦૪૯/–નું રકમનું ચુકવણું કરવામાં આવેલ છે.

દૂધ સંઘના કર્મચારીઓ તેમની કામગીરીમાં નિપૂણતા મેળવે તથા અદ્યતન ટેકનોલોજીથી અવગત થાય તે માટે દૂધ સંઘના કર્મચારીઓને સમયાંતરે જરૂરિયાત મુજબ તાલીમ આપવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૩૨ કર્મચારીઓને જુદા જુદા વિભાગની તાલીમ આપવામાં આવેલ છે.

વર્ષ દરમિયાન જુદી જુદી કોલેજના ૨૬ જેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને તેમના વિષયને અનુરૂપ ટુંકાગાળાની ટ્રેનીંગ તેમજ ગુજરાત સરકારના એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ ૦૩ જેટલા એપ્રેન્ટીસ વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તાલીમ આપવામાં આવેલ છે તથા સંસ્થામાં વર્ષ દરમ્યાન બહારની કોલેજોમાંથી ૧૬ જેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ સંસ્થાના જુદા જુદા વિભાગમાં છ માસ ઉપરાંત તાલીમ લીધેલ છે. વર્ષ દરમ્યાન દૂધ સંઘમાં ૫૧ જુદી જુદી શાળાઓ, કોલેજોના ૩૪૭૯ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ દ્વારા ડેરી પ્લાન્ટની મુલાકાત લીધેલ છે. દૂધ સંઘમાં કાર્યરત કર્મચારીઓ કાયમી ૧૨૭, પ્રોબેશન ૩૫, ટ્રેઈની ૫, ફીકસ પગાર ૧૨ કુલ ૧૭૯ છે.



# આભાર દર્શન

આપણા દૂધ સંઘના હિસાબી વર્ષ દરમ્યાનની કામગીરીને ઉત્તમ બનાવવા માટે સરકારશ્રીની વિવિધ કચેરીઓ, વિવિધ સહકારી સંસ્થાઓ અને વ્યકિતગત મળેલ સાથ–સહકાર અને અનમોલ માર્ગદર્શન બદલ સર્વેનો આભાર માનું છું.

આપણા દૂધ સંઘ, દૂધ મંડળીઓ, પશુપાલકો, દૂધ ઉત્પાદકો અને સમગ્ર ભારત દેશની જનતાના સર્વાંગી વિકાસ માટે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળેલ સાથ–સહકાર બદલ ગુજરાત રાજયના પનોતા પુત્ર તેમજ દેશના યશસ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, દેશના યશસ્વી ગૃહમંત્રી તેમજ સહકારીતા મંત્રીશ્રી અમીતભાઈ શાહ સાહેબ તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના સંબંધિત અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કરતા ગર્વની લાગણી અનુભવુ છું.

આપણી સંસ્થાના વિકાસમાં અવિરત સાથ–સહકાર અને અમૂલ્ય માર્ગદર્શન મળતુ રહેતુ હોય છે, તેવા ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, વાઈસચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, મેનેજીંગ ડીરેકટરશ્રી જયેનભાઈ મહેતા તથા નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસચેરમેનશ્રી, મેનેજીંગ ડીરેકટરશ્રી તથા તમામ બોર્ડ ઓફ ડિરેકટરશ્રી, અધિકારીશ્રી તથા અન્ય દૂધ સંઘોના ચેરમેનશ્રીઓ, મેનેજીંગ ડીરેકટરશ્રીઓનો આભાર વ્યકત કરૂ છું.

ગુજરાત રાજયના મકકમ અને મૃદુ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, ગુજરાત પ્રદેશ ભાજપના યશસ્વી અધ્યક્ષ તથા કેન્દ્રીય કેબીનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલ સાહેબ તથા ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રીમતી વર્ષાબેન દોશી, ૫૦ મુદ્દા અમલીકરણના પૂર્વ અધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા સાહેબ, જિલ્લાના સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરા સાહેબ, જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ, રાજયના નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા સાહેબ, ગુજરાત રાજય પૂર્વ વન અને પર્યાવરણ વિભાગના કેબીનેટ મંત્રી શ્રી કિરીટસિંહજી રાણા સાહેબ, જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, મહામંત્રીશ્રીઓ, ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક સુરેન્દ્રનગરના ચેરમેનશ્રી હરદેવસિંહજી પરમાર, ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર તરફથી મળેલ સાથ અને સહકાર બદલ તેઓનો ઋણી છું.

ગુજરાત સરકારના વિવિધ મંત્રાલયના સચિવશ્રીઓ, કર્મચારીશ્રીઓ, રજીસ્ટ્રારશ્રી–સહકારી મંડળીઓ(ગુ.રા.), કાર્યપાલક અધિક્ષકશ્રી–નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, પશુપાલન નિયામક (ગુ.રા), કલેકટર સાહેબશ્રી, જીલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ખાસ અન્વેષણ (દૂધ) સુરેન્દ્રનગર, જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પશુપાલન નિયામકશ્રી, વૈધાનિક ઓડીટરશ્રી, રાષ્ટ્રીયકૃત બેન્કોના અધિકારીશ્રીઓ, ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંકના સી.ઈ.ઓ., સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તરફથી મળેલ સાથ અને સહકાર બદલ આભાર માનું છું.

સહકારથી સમૃધ્ધિ અંતર્ગત સહકારી સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહકાર જળવાઈ રહે તે માટે રાજય સરકાર દ્વારા દૂધ મંડળીઓ અને પશુપાલકોનો તમામ બેન્કીંગ વ્યવહાર જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે થાય તે માટે અથાગ પ્રવૃતિ કરેલ છે. આપણા જીલ્લા દૂધ સંઘ સાથે જોડાયેલ તમામ દૂધ મંડળીઓના નાણાં જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં જમા થાય છે. દૂધ મંડળીઓ સાથે જોડાયેલ દૂધ ઉત્પાદકોના નાણાં જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં જમા કરાવવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલુ છે. દૂધ સંઘ દ્વારા ચોટીલા તાલુકાની દેવસર દૂધ મંડળી તથા સાયલા તાલુકાની સોરીંભડા દૂધ મંડળીના ગ્રાહકોના દૂધના નાણાં દૂધ સંઘ દ્વારા મંડળીની વિનંતી અને ઠરાવ ધ્યાને લઈ સીધે સીધા ગ્રાહકોના જીલ્લા મધ્યસ્થ બેંકના ખાતામાં જમા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૦૮ દૂધ સહકારી મંડળીઓના પશુપાલકોના જિલ્લા મધ્યસ્થ બેંકમાં ખાતામાં દૂધના નાણાં જમા કરવામાં આવેલ છે. આવનાર દિવસોમાં મોટા ભાગની દૂધ મંડળીઓના પશુપાલકોના

દૂધના નાણાં બેંકમાં જમા કરાવવામાં આવશે.

જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા દૂધ મંડળીઓને માઈક્રો એટીએમ તથા કેશવાનની સગવડ ચાલુ કરેલ છે. ભવિષ્યમાં મોટા એટીએમ પણ મુકવાની યોજના છે. જે બદલ તેમનો આભાર માનુ છું.

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન તથા શ્રી રામ જનરલ ઈન્સ્યોરન્સ કાં લી. દ્વારા દૂધ મંડળીના સભાસદો/ગ્રાહકોને વિમાકીય સેવા આપવા બદલ તેમનો આભારી છું. દૂધ સંઘના સંચાલન અને વિકાસ માટેના નિતી વિષયક નિર્ણયો લેવામાં નિયામક મંડળના મારા તમામ સાથી મિત્રો તરફથી જે સાથ અને સહકાર મળેલ છે તેવો જ સાથ અને સહકાર આવનાર સમયમાં મળતો જ રહેશે તેવી આશા રાખુ છું.

સુરસાગર ડેરીના વિકાસમાં જેમનું ખુબ મોટુ યોગદાન છે તેવા દૂધ ઉત્પાદકો ભાઈઓ, બહેનો, દૂધ સહકારી મંડળીઓના સંચાલકો, કર્મચારીશ્રીઓ આ વિકાસની વણથંભી વણઝારના આધાર સ્તંભ છે દૂધ સંઘના સુચારુરૂપ સંચાલન અને પ્રગતિમાં ખુબ મોટું યોગદાન છે તેવા આપણા નિષ્ઠાવાન અને પ્રમાણિક મેનેજીંગ ડીરેકટરશ્રી ગુરદિતસિંઘ, દરેક વિભાગના વિભાગીય વડા ઉપરાંત કર્મચારીશ્રીઓ દ્વારા જે અવિરત સેવાઓ આપવામાં આવેલ છે તે બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું.

આપણી સંસ્થા તથા સંલગ્ન દૂધ મંડળીઓની વણથંભી વિકાસ યાત્રા અવિરત ચાલુ રહે અને આવનાર વર્ષોમાં સિમા ચિહન રૂપ બની દૂધ સંઘ વધુમાં વધુ પ્રગતિના સોંપાન સર કરી પશુપાલકોના હિતાર્થે દિન પ્રતિદિન આગળ વધે અને સુરસાગર પરિવારના સભ્યોનું ભાવી સુખમય બની રહે તેવી આશા, અપેક્ષા અને ઈચ્છા સાથે ઠાકરધણીના ચરણોમાં પ્રાર્થના કરૂ છું.

**'જય ઠાકરધણી'**

**આપનો સહકારી**
**શ્રી નરેશકુમાર જે. મારૂ**
**ચેરમેનશ્રી,**
**સુરસાગર ડેરી, વઢવાણ**



સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી–વઢવાણની શુભેચ્છા મુલાકાતે પધારેલ સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રભારીશ્રી હેમંતભાઈ પડશાળાનું ઝાલાવાડની પરંપરા મુજબ સ્વાગત કરતા દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ.



પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તથા ૫૦ મુદા અમલીકરણના પૂર્વ અધ્યક્ષશ્રી આઈ.કે. જાડેજા દૂધ સંઘની શુભેચ્છા મુલાકાતે પધારેલ તેમની સાથે દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ તથા ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર



દૂધ સંઘની ૪૯મી વાર્ષિક સાધારણ સભામાં દિપ પ્રાગટય કરતા ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષશ્રી રાજભા ઝાલા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ધીરૂભાઈ સિંધવ, ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર, દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, ડિરેકટરશ્રી નવઘણભાઈ ગોલતર અને નિરૂભા પરમાર, પૂર્વ ડિરેકટરશ્રી ધીરૂભાઈ દેગામા, ગુજકોમાસોલ ના ડિરેકટરશ્રી જેસીંગભાઈ ચાવડા દ્રષ્ટિયોચર થાય છે.




ગૃપ અકસ્માત યોજના અંતર્ગત રૂા. ૨,૦૦,૦૦૦/–ના ચેકનું વિતરણ કરતા ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, વાઈસ ચેરમેન શ્રીમતિ ગીતાબેન રબારી, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તથા સુરેન્દ્રનગર જિલ્લા ભાજપના મહામંત્રીશ્રી ધીરૂભાઈ સિંધવ દ્રષ્ટિયોચર થાય છે.




દસાડા તાલુકાની પશુપાલન શિબિરમાં દિપ પ્રાગટય કરતા ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, રાષ્ટ્રીય કિશાન મોરચાના મહામંત્રીશ્રી બાબુભાઈ જેબલીયા, સુરેન્દ્રનગર જિલ્લા સાંસદ સભ્યશ્રી ચંદુભાઈ શિહોરા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, દસાડા વિધાનસભાના ધારાસભ્યશ્રી પી. કે. પરમાર, ગુજકોમાસોલના ડિરેકટરશ્રી જેસીંગભાઈ ચાવડા, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ દ્રષ્ટિગોચર થાય છે.




સહકારથી સમૃધ્ધિ અંતગર્ત દૂધ મંડળીના ગ્રાહકોને ઘરે બેઠા નાણાં મળે તે માટે માઈક્રો એ.ટી.એમ. મશીનનું વિતરણ કર્તા ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર મારૂ દ્રષ્ટિગોચર થાય છે.




દૂધ સંઘ આયોજીત સ્નેહ મિલન કાર્યક્રમમાં પધારેલ ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષશ્રી રાજભા ઝાલા, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ધીરૂભાઈ સિંધવ, ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર, દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, ગૌણ સેવા પસંદગી મંડળના પૂર્વ અધ્યક્ષશ્રી પ્રકાશભાઈ સોની, ગુજકોમાસોલ ના ડિરેકટરશ્રી જેસીંગભાઈ ચાવડા દ્રષ્ટિયોચર થાય છે.



વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણાનું સાલ અને ગુલદસ્તાથી સ્વાગત કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ




દૂધરેજ વડવાળા મંદિરના ૧૦૦૮ પ.પૂ.ધ.ધૂ. મહંતશ્રી કનિરામબાપુ તેમજ કોઠારી શ્રી મુકુંદરામજી બાપુના આશિર્વાદ લેતા દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



બાવળીયારી ધામના મહંત ૧૦૦૮ પ.પૂ.ધ.ધૂ. શ્રી રામબાપુ તથા ટપ્પુભગતના આર્શિવાદ મેળવતા દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ



ઝાંઝાવડા (થરા ગામ) મંદિરના મહંત ૧૦૦૮ પ.પૂ.ધ.ધૂ. શ્રી ઘનશ્યામપુરી બાપુ, ગેડીયા ધામના મહંતશ્રી નારાયણદાસજી બાપુ, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી કિરીટસિંહજી રાણા પધારેલ. તે દરમ્યાન શ્રી ઘનશ્યામપુરી બાપુના ચરણસ્પર્શ કરતા દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ.





સુરેન્દ્રનગર જિલ્લા સમસ્ત ઝાલાવાડી રબારી સમાજ આયોજીત સમુહ લગ્નોત્સવમાં ઉપસ્થિત દુધઈ મંદિરના ૧૦૦૮ પ.પૂ.ધ.ધૂ. શ્રી રામબાલકદાસજી બાપુ, દૂધરેજ વડવાળા મંદિરના કોઠારી શ્રી મુકુંદરામજી બાપુ, ભારત સરકારના મહિલા બાળ વિકાસ, આયુષ મંત્રાલયના રાજય કક્ષાના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા, વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારસભ્યશ્રી કિરીટસિંહજી રાણા, દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, વઢવાણના પૂર્વ ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ, રઘુભાઈ રબારી ચોકડીવાળા દ્રષ્ટીગોચર થાય છે.



ગ્લોબલ ઝાલાવાડ એકસપો કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, સુરેન્દ્રનગર જિલ્લા સાંસદ સભ્યશ્રી ચંદુભાઈ શિહોરા, પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તથા ૫૦ મુદાના અમલીકરણ અધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજા સાહેબ, દસાડા વિધાનસભાના ધારાસભ્યશ્રી પી. કે. પરમાર, ધ્રાંગધ્રા વિધાનસભાના ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા તથા ગુજરાત રાજયના ભાજપના ઉપાધ્યક્ષ શ્રીમતિ વર્ષાબેન દોશી, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી ધીરૂભાઈ સિંધવ, શ્રી જયેશભાઈ પટેલ, વઢવાણના પૂર્વ ધારાસભ્યશ્રી ધનરાજભાઈ કેલા, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, ખેતી બેંકના ચેરમેનશ્રી મંગળસિંહજી પરમાર, સુરેન્દ્રનગર દૂધરેજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતિ જીગ્નાબેન પંડયા, ઝાલાવાડ ક્ષત્રિય સમાજના પ્રમુખ તથા નામાંકિત તબીબ એવા ડો. રૂદ્રસિંહ ઝાલા દ્રષ્ટિગોચર થાય છે.



વન અને પર્યાવરણ વિભાગના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી તેમજ લીંબડી વિધાનસભાના ધારસભ્યશ્રી કિરીટસિંહજી રાણાની શુભેચ્છા મુલાકાત કરતા સામાજીક આગેવાન શ્રી મહેન્દ્રસિંહ જાડેજા(ભાણુભા), દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, ખેતીબેંકના ચેરમેનશ્રી મંગળસિંહ પરમાર તથા માલાભાઈ સારાભાઈ ભડીયાદરા એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી વિજયભાઈ ભડીયાદરા



## 1975
**દૂધ સંઘ રજીસ્ટ્રેશન**
તા. ૨૪/૦૩/૧૯૭૫





## 1995
ગુજરાત ડેરી વિકાસ નિગમ લી. ને ૨૦ વર્ષ સુધી કમીશન પર દૂધ વેચાણ

## 1995
ગુજરાત ડેરી વિકાસ નિગમ લી. ને દૂધ વેચાણ બંધ કરેલ







## 1995
ઉત્તમ ડેરી ખાતે દૂધ વેચાણ ચાલુ કરેલ

## 1998
વઢવાણ જી.આઈ.ડી.સી ખાતે પ્રથમ પેસ્ચ્યુરાઈઝડ પ્લાન્ટ કાર્યરત કરેલ





## 1999
ઉત્તમ ડેરીને દૂધ વેચાણ બંધ કરેલ

## 1999
ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને દૂધ આપવાનું ચાલુ કરેલ






## 2003
હળવદ ચિલીંગ સેન્ટરનું દૂધ મંડળીના મકાનમાં ઉદ્‌ઘાટન




## 2005
ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના નોમીનલ સભ્ય બન્યા

## 2005
પ્લોટ નં. ૨૪૯ જી.આઈ.ડી.સી., વઢવાણ ખાતેની જગ્યાના ડીડ કરેલ







## 2006
ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના સભ્ય બન્યા

## 2006
હળવદ ખાતે ચિલીંગ સેન્ટર ચાલુ કરેલ



# સુરસાગર ડેરીની ૫૦ વર્ષની વિકાસગાથા

## 2008



ચોટીલા (નવાગામ) ખાતે જમીનની ખરીદી કરેલ

## 2008




પાટડી ખાતે જમીનની ખરીદી કરેલ

## 2011



૨.૦ લાખ લીટર કેપેસીટીના ઓટોમેટીક દૂધ પ્રોસેસીંગ અને પેકેજીંગ પ્લાન્ટનું ખાતમુર્હુત કરેલ

## 2013





પાટડી ચિલીંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન

## 2013



ચોટીલા ચિલીંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન

## 2017



૨.૦ લાખ લીટર કેપેસીટીના ઓટોમેટીક દૂધ પ્રોસેસીંગ અને પેકેજીંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

## 2018



ઠાકરધણી સુરસાગર ભવનનું ઉદ્‌ઘાટન

## 2018



અમૂલ મસ્તી દહીં, શકિત દૂધનું પેકીંગ ચાલુ કરેલ

## 2018



ગુજરાત રાજય બહાર મુંબઈ ખાતે દૂધનું વેચાણ ચાલુ કરેલ

## 2018



સુરસાગર ઘી, અમૂલ મસ્તી દહી ૫ કીલો પેકીંગ ચાલુ કરેલ

## 2019




જી.ડી.ડી.સી ની એન.ડી.ડી.બી. હસ્તકની વઢવાણ, પાટડી અને હળવદની જગ્યાની ખરીદી કરી

## 2019



હળવદ ચિલીંગ સેન્ટર અને હળવદ તાલુકાની મંડળીઓ મોરબી દૂધ સંઘ ને સોંપવામાં આવી

# સુરસાગર ડેરીની ૫૦ વર્ષની વિકાસગાથા



**2019**

દૂધ સંજીવની દૂધ અમૂલ મસાલા છાશ નું પેકીંગ ચાલુ કરેલ






અમૂલ રબડીનું પેકીંગ ચાલુ કરેલ

**2021**

**2021**

અમૂલ બ્રાઉન ઘીનું પેકીંગ ચાલુ કરેલ






સુરસાગર દાણનું ઉદ્‌ઘાટન

**2022**

**2022**

હળવદ ખાતેની જમીન તથા અન્ય મિલ્કતો મોરબી દૂધ સંઘને સોપવામાં આવેલ





અમૂલ માઈક્રો એ.ટી.એમ તથા અમૂલ પનીર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

**2022**

**2023**

અમૂલ આઈસ્ક્રિમ પ્લાન્ટનું તથા અમુલ પાર્લરનું ભુમિ પૂજન






અમૂલ ઘી ૧ કિલો ટીન તથા સુરસાગર પાવરદાણ નું ઉદ્‌ઘાટન

**2023**

**2024**

અમૂલ સ્કિમ્ડ મિલ્કનું પેકીંગ ચાલુ કરેલ







અમૂલ સત્વ છાશ, અમૂલ દહીંનું પેકીંગ ચાલુ કરેલ

**2024**

**2024**


અમૂલ આઈસ્ક્રિમ પ્લાન્ટ પ્રાયોગિક ધોરણે





જીસીએમએમએફલી. અને દૂધ સંઘના સહકારથી બચત મંડળ મારફત આઈસ્ક્રિમની વિવિધ બનાવટોનું વેચાણ ઈ-રીક્ષા દ્વારા

**2025**



# વર્ષ ૨૦૨૪-૨૫
# નાણાંકીય અહેવાલ

## તા. ૩૧–૩–૨૦૨૫ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧–૩–૨૦૨૪ | ફંડ તથા દેવા | ૩૧–૩–૨૦૨૫ |
|---|---|---|
| ૨૫,૦૦,૦૦,૦૦૦–૦૦ | શ્રી સત્તાવાર શેર ભંડોળ (૨,૫૦,૦૦૦ શેર દરેક રૂા. ૧૦૦૦ નો) | ૨૫,૦૦,૦૦,૦૦૦–૦૦ |
| ૨૪,૯૯,૮૪,૯૦૦–૦૦ | શ્રી ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૨૪,૮૪,૭૭,૧૦૦–૦૦ |
| ૨૮,૮૦,૨૯,૨૮૮–૩૯ | શ્રી રીઝર્વ ફંડ, અન્ય ફંડ તથા ગ્રાન્ટ | ૩૧,૪૩,૧૮,૪૪૯–૦૫ |
| ૪૫,૫૫,૬૪,૧૬૦–૦૦ | શ્રી જમીન મૂલ્યાંકન અનામત | ૪૫,૫૫,૬૪,૧૬૦–૦૦ |
| ૨,૨૧,૮૬,૯૧,૮૩૬–૭૫ | શ્રી ડીપોઝીટ | ૩,૯૨,૨૩,૫૧,૨૪૬–૯૪ |
| ૧,૨૮,૮૧,૨૧,૨૨૫–૫૨ | શ્રી ચાલુ દેવા | ૧,૧૩,૩૧,૬૫,૮૬૬–૩૧ |
| ૮૪,૯૦,૪૪૯–૩૩ | શ્રી જોગવાઈઓ | ૩૩,૧૨,૨૮૨–૪૦ |
| ૬,૦૨,૭૪,૨૭૯–૧૯ | શ્રી ચોખ્ખો નફો | ૭,૦૧,૩૯,૭૧૯–૫૮ |
| ૪,૫૬,૯૧,૫૬,૧૩૯–૧૮ | કુલ સરવાળો... | ૬,૧૪,૭૩,૨૮,૮૨૪–૨૮ |

| | | | | |
|---|---|---|---|---|
| **બિમલકુમાર એન. પટેલ**<br>ખાસ અન્વેષક (દૂધ)<br>સુરેન્દ્રનગર | **શાહ શાહ એન્ડ કંપની**<br>ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,<br>સ્ટેચ્યુટરી ઓડીટર<br>(પેનલ નં. VAD/CA FIRM/83) | **વિવેક આર. મોઢ**<br>એકાઉન્ટ હેડ | **ગુરદિતસિંઘ**<br>મેનેજીંગ ડીરેક્ટર | **નરેશકુમાર જે. મારૂ**<br>ચેરમેન |

# તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૪ | મિલકત તથા લેણું | ૩૧-૩-૨૦૨૫ |
|---|---|---|
| ૧,૯૨,૧૬,૮૨,૪૩૭-૮૫ | શ્રી મિલકતો (પરિશિષ્ટ મુજબ) | ૨,૯૦,૯૭,૨૫,૪૫૩-૨૬ |
| ૧,૧૭,૩૨,૦૬,૦૦૧-૦૦ | શ્રી રોકાણો | ૧,૨૩,૯૨,૧૬,૦૦૧-૦૦ |
| ૮,૬૩,૧૭,૩૭૪-૭૩ | શ્રી સ્ટોક | ૨૩,૪૯,૭૬,૬૮૫-૦૯ |
| ૧,૧૬,૮૫,૪૫૭-૦૦ | શ્રી ડીપોઝીટ | ૧,૧૭,૮૬,૦૫૫-૦૦ |
| ૦-૦૦ | શ્રી લોન અને એડવાન્સીઝ | ૦-૦૦ |
| ૪,૮૨,૭૮,૦૧૭-૮૫ | શ્રી ચાલુ મિલ્કત | ૫,૭૨,૭૭,૯૬૧-૧૪ |
| ૭૦,૧૧,૯૩,૨૮૦-૧૬ | શ્રી બાકી લેણાં | ૬૭,૭૮,૩૦,૯૦૧-૨૪ |
| ૬૨,૬૭,૯૩,૫૭૦-૫૯ | શ્રી કેશ અને બેન્ક સિલક | ૧,૦૧,૬૫,૧૫,૭૬૭-૫૫ |
| ૪,૫૬,૯૧,૫૬,૧૩૯-૧૮ | કુલ સરવાળો... | ૬,૧૪,૭૩,૨૮,૮૨૪-૨૮ |

**બિમલકુમાર એન. પટેલ**
ખાસ અન્વેષક (દૂધ)
સુરેન્દ્રનગર

**શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેચ્યુટરી ઓડીટર
(પેનલ નં. VAD/CA FIRM/83)

**વિવેક આર. મોઢ**
એકાઉન્ટ હેડ

**ગુરદિતસિંઘ**
મેનેજીંગ ડીરેક્ટર

**નરેશકુમાર જે. મારૂ**
ચેરમેન

## તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૩-૨૦૨૪ | જાવક | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|
| ૮,૧૪,૦૩,૫૯૬-૪૧ | શ્રી ઉઘડતો સ્ટોક | ૮,૬૩,૧૭,૩૭૪-૭૩ |
| ૧૦,૦૩,૯૮,૮૪,૩૧૫-૮૮ | શ્રી ખરીદી | ૯,૫૦,૫૩,૦૬,૯૧૦-૫૭ |
| ૯,૩૯,૭૯,૦૦૫-૬૯ | શ્રી પેકીંગ ખર્ચ | ૧૧,૮૭,૦૧,૩૩૧-૬૭ |
| ૨૨,૨૩,૬૦,૪૧૬-૪૬ | શ્રી ખરીદી ખર્ચ | ૨૨,૬૪,૯૬,૪૧૮-૫૧ |
| ૮,૭૩,૧૨,૮૪૨-૪૭ | શ્રી પાવર અને બળતણ ખર્ચ | ૯,૮૦,૫૭,૫૨૬-૮૪ |
| ૩,૪૭,૭૦,૪૮૫-૮૬ | શ્રી મરામત અને નિભાવ ખર્ચ | ૪,૦૦,૭૬,૧૩૧-૯૮ |
| ૧૯,૦૬,૯૪,૬૦૯-૭૫ | શ્રી પ્રોસેસીંગ ખર્ચ | ૨૧,૩૩,૩૦,૧૫૩-૦૫ |
| ૧૨,૧૬,૪૯,૦૫૫-૦૩ | શ્રી પગાર ખર્ચ | ૧૭,૫૦,૮૧,૦૭૮-૫૫ |
| ૧૩,૭૧,૩૮૬-૭૪ | શ્રી વિમા પ્રિમીયમ ખર્ચ | ૪૦,૮૮,૭૩૮-૬૫ |
| ૩૪,૮૫,૧૮૬-૫૮ | શ્રી પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૨૭,૩૫,૭૩૬-૨૬ |
| ૩૨,૯૦,૩૫૯-૯૬ | શ્રી પ્રવાસ ખર્ચ | ૪૦,૮૫,૮૩૩-૦૦ |
| ૧૧,૬૩,૬૭૭-૮૨ | શ્રી વાહન મરામત નિભાવ ખર્ચ | ૧૦,૦૯,૦૫૮-૫૦ |
| ૭,૭૮,૮૦૦-૦૦ | શ્રી લીગલ ફી ખર્ચ | ૧૬,૫૮,૪૯૦-૦૦ |
| ૩૨,૩૨,૦૮૯-૦૦ | શ્રી અન્વેષણ અને વ્યવસાય ખર્ચ | ૨૪,૮૧,૦૪૭-૦૦ |
| ૭,૩૩,૧૬,૧૧૧-૨૨ | શ્રી વ્યાજ અને બેન્ક કમીશન ખર્ચ | ૧૦,૦૧,૪૫,૨૯૩-૨૦ |
| ૪,૦૦,૬૮,૨૮૩-૯૪ | શ્રી સહકાર વિકાસ ખર્ચ | ૪,૭૪,૭૧,૩૫૫-૩૮ |
| ૨,૦૮,૫૯,૦૭૨-૮૯ | શ્રી પરચુરણ ખર્ચ | ૨,૩૭,૬૮,૮૭૧-૫૦ |
| ૨૯,૯૩,૧૬૬-૩૩ | શ્રી માર્કેટીંગ ખર્ચ | ૩૪,૧૩,૩૧૧-૪૧ |
| ૮,૦૧,૮૧,૭૨૭-૧૯ | શ્રી ઘસારા ખર્ચ | ૧૧,૭૭,૮૦,૮૬૭-૧૬ |
| ૦-૦૦ | શ્રી આગલા વર્ષનો ખર્ચ | ૦-૦૦ |
| -૭,૩૮,૮૩૦-૭૧ | શ્રી ઈન્કમટેક્ષ ખર્ચ | ૦-૦૦ |
| ૬,૦૨,૭૪,૨૭૯-૧૯ | શ્રી ચોખ્ખો નફો | ૭,૦૧,૩૯,૭૧૯-૫૮ |
| ૧૧,૧૬,૨૩,૨૯,૬૩૭-૭૦ | **કુલ સરવાળો...** | ૧૦,૮૪,૨૧,૪૫,૨૪૭-૫૪ |

**બિમલકુમાર એન. પટેલ**
ખાસ અન્વેષક (દૂધ)
સુરેન્દ્રનગર

**શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેચ્યુટરી ઓડીટર
(પેનલ નં. VAD/CA FIRM/83)

**વિવેક આર. મોઢ**
એકાઉન્ટ હેડ

**ગુરદિતસિંઘ**
મેનેજીંગ ડીરેકટર

**નરેશકુમાર જે. મારૂ**
ચેરમેન

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World

## તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૩-૨૦૨૪ | આવક | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|
| ૧૦,૯૭,૬૩,૮૦,૭૦૭-૭૯ | શ્રી વેચાણ | ૧૦,૪૨,૮૫,૮૩,૯૫૭-૯૧ |
| ૩,૨૦,૭૭,૭૦૩-૬૦ | શ્રી પરચુરણ આવક | ૩,૫૬,૮૭,૪૧૩-૪૯ |
| ૬,૭૫,૫૩,૮૫૧-૫૮ | શ્રી વ્યાજ આવક | ૧૪,૨૮,૯૭,૧૯૧-૦૫ |
| ૮,૬૩,૧૭,૩૭૪-૭૩ | શ્રી બંધ સ્ટોક | ૨૩,૪૯,૭૬,૬૮૫-૦૯ |
| ૧૧,૧૬,૨૩,૨૯,૬૩૭-૭૦ | કુલ સરવાળો... | ૧૦,૮૪,૨૧,૪૫,૨૪૭-૫૪ |

**બિમલકુમાર એન. પટેલ**
ખાસ અન્વેષક (દૂધ)
સુરેન્દ્રનગર

**શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેચ્યુટરી ઓડીટર
(પેનલ નં. VAD/CA FIRM/83)

**વિવેક આર. મોઢ**
એકાઉન્ટ હેડ

**ગુરદિતસિંઘ**
મેનેજીંગ ડીરેક્ટર

**નરેશકુમાર જે. મારૂ**
ચેરમેન

## નફાની પેટા નિયમ મુજબ ફાળવણી ૨૦૨૪–૨૫

| ચોખ્ખો નફો | | ૭,૦૧,૩૯,૭૧૯–૫૮ |
|---|---|---|
| રીઝર્વ ફંડ | ૨૫% | ૧,૭૫,૩૪,૯૨૯–૮૯ |
| શિક્ષણ ફંડ | ૨.૫% | ૩,૦૦,૦૦૦–૦૦ |
| ડીવીડન્ડ | ૨૦% (૨૪૮૪૭૭૧૦૦ શેર) | ૪,૯૬,૯૫,૪૨૦–૦૦ |
| | ફુલ | ૬,૭૫,૩૦,૩૪૯–૮૯ |

| બાકી નફો | | ૨૬,૦૯,૩૬૯–૬૯ |
|---|---|---|
| મંડળી પ્રોત્સાહન ફંડ | ૨૦% | ૫,૨૧,૮૭૩–૯૪ |
| ગ્રામ વિકાસ ફંડ | ૧૫% | ૩,૯૧,૪૦૫–૪૫ |
| મકાન ફંડ | ૧૫% | ૩,૯૧,૪૦૫–૪૫ |
| મંડળી ઉત્થાન અને અભ્યાસ ફંડ | ૧૫% | ૩,૯૧,૪૦૫–૪૫ |
| સંશોધન અને વિકાસ ફંડ | ૧૫% | ૩,૯૧,૪૦૫–૪૫ |
| ધર્માદા ફંડ | ૧૦% | ૨,૬૦,૯૩૬–૯૮ |
| સહકાર પ્રચાર ફંડ | ૧૦% | ૨,૬૦,૯૩૬–૯૮ |
| | ફુલ | ૨૬,૦૯,૩૬૯–૭૦ |

**બિમલકુમાર એન. પટેલ**
ખાસ અન્વેષક (દૂધ)
સુરેન્દ્રનગર

**શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેચ્યુટરી ઓડીટર
(પેનલ નં. VAD/CA FIRM/83)

**વિવેક આર. મોઢ**
એકાઉન્ટ હેડ

**ગુરદિતસિંઘ**
મેનેજીંગ ડીરેક્ટર

**નરેશકુમાર જે. મારૂ**
ચેરમેન

### : શેરમાં રોકાણો :

| ક્રમ | વિગત | તા. ૩૧–૩–૨૪ અંતિત બાકી રોકાણ | વર્ષ ૨૦૨૪–૨૫ વધારો | વર્ષ ૨૦૨૪–૨૫ ઘટાડો | તા. ૩૧–૩–૨૫ અંતિત બાકી રોકાણ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટીગ ફેડરેશન, આણંદ | ૧૫,૭૯,૪૯,૦૦૧ | – | – | ૧૫,૭૯,૪૯,૦૦૧ |
| ૨ | શ્રી સુરેન્દ્રનગર ડી.કો–ઓપરેટીવ બેંક લી., સુ.નગર | ૪૨,૦૦૦ | – | – | ૪૨,૦૦૦ |
| ૩ | નેશનલ કો–ઓપરેટીવ ઓર્ગેનીક લી. | ૧,૦૦,૦૦૦ | – | – | ૧,૦૦,૦૦૦ |
| ૪ | નેશનલ કો–ઓપરેટીવ એક્ષપોર્ટ લી. | ૧,૦૦,૦૦૦ | – | – | ૧,૦૦,૦૦૦ |
| ૫ | ભારતીય બીજ સહકારી સમિતી લી. | ૧૦,૦૦૦ | – | – | ૧૦,૦૦૦ |
| | સરવાળો | ૧૫,૮૨,૦૧,૦૦૧ | | | ૧૫,૮૨,૦૧,૦૦૧ |

# આવક તથા ખર્ચનું અંદાજપત્ર: સને ૨૦૨૫-૨૦૨૬

| આવક | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી વેચાણ | ૧૬૫૪૬૭-૪૪ |
| શ્રી પરચુરણ આવક | ૧૨૯૦-૦૦ |
| કુલ સરવાળો | ૧૬૬૭૫૭-૪૪ |

| ખરીદી તથા ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી ખરીદી | ૧૪૦૫૪૭-૦૦ |
| શ્રી ખરીદી ખર્ચ | ૪૨૫૬-૦૦ |
| શ્રી પાવર અને બળતણ ખર્ચ | ૨૬૭૪-૦૦ |
| શ્રી મરામત અને નિભાવ ખર્ચ | ૯૨૦-૦૦ |
| શ્રી પ્રોસેસીંગ ખર્ચ | ૩૧૫૭-૦૦ |
| શ્રી પેકીંગ મટીરીયલ ખર્ચ | ૩૬૧૬-૪૪ |
| શ્રી પગાર ખર્ચ | ૨૭૩૬-૦૦ |
| શ્રી વિમા પ્રિમિયમ ખર્ચ | ૬૯૬-૦૦ |
| શ્રી પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૧૨૭-૦૦ |
| શ્રી પ્રવાસ અને જાહેરાત ખર્ચ | ૧૮૫-૦૦ |
| શ્રી વાહન મરામત નિભાવ ખર્ચ | ૪૮-૦૦ |
| શ્રી લીગલ ફી અને વ્યવસાય ખર્ચ | ૧૮૦-૦૦ |
| શ્રી અન્વેષણ ઓડીટ ફી | ૧૧૨-૦૦ |
| શ્રી વ્યાજ અને બેન્ક કમિશન | ૨૦૦૯-૦૦ |
| શ્રી સહકાર વિકાસ અને પશુપાલન ખર્ચ | ૧૧૩૪-૦૦ |
| શ્રી પરચુરણ અને વહીવટી ખર્ચ | ૫૫૧-૦૦ |
| શ્રી સરભરા અને વાર્ષિક મીટીંગ ખર્ચ | ૧૨૬-૦૦ |
| શ્રી ઘસારા ખર્ચ | ૨૫૬૩-૦૦ |
| શ્રી ઈન્કમટેક્ષ અને અન્ય જોગવાઈ | ૩૦૦-૦૦ |
| શ્રી ચોખ્ખો નફો | ૮૨૦-૦૦ |
| કુલ સરવાળો | ૧૬૬૭૫૭-૪૪ |

## મૂડી ખર્ચનું અંદાજપત્ર : સને ૨૦૨૫-૨૦૨૬

| કેપીટલ બજેટ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| શ્રી આઈસ્ક્રીમ, સ્વીટ અને અમૂલ પાર્લર, પ્લાન્ટ મશીનરી અને બાંધકામ | ૨૦૦૦૦-૦૦ |
| શ્રી રેફ્રીજરેશન પ્લાન્ટ, દહી એક્ષપાન્સન, ઈટીપી એક્ષપાન્સન | ૬૦૦-૦૦ |
| શ્રી મકાન બાંધકામ અને મશીનરી, ઘી પ્લાન્ટ એક્ષપાન્સન | ૧૦૦૦-૦૦ |
| શ્રી વાહન ખરીદી | ૨૦૦-૦૦ |
| શ્રી કેન ખરીદી | ૧૦૦-૦૦ |
| શ્રી કેટલ ફીડ પ્લાન્ટ, મશીનરી અને બાંધકામ | ૬૦૦૦-૦૦ |
| શ્રી ઈલેક્ટ્રીકલ અને ફીક્ષ્ચર | ૨૦૦-૦૦ |
| શ્રી કોમ્પ્યુટર અને એસેસરીઝ | ४००-०० |
| શ્રી જમીન ખરીદી | ૧૨૦૦-૦૦ |
| શ્રી પ્લાન્ટ, જમીન, રીનોવેશન અને અપગ્રેડેશન | ૧૦૦૦-૦૦ |
| શ્રી વાછડી ઉછેર | ૫૫૦-૦૦ |
| શ્રી ફર્નીચર, ફીક્ષ્ચર અને ઈન્ટીરીયલ | ૮૦૦-૦૦ |
| શ્રી લેબ ઈકવીપમેન્ટ | ૮૦૦-૦૦ |
| શ્રી બલ્ક કુલર ખરીદી અને એસેસરીઝ | ૫૦૦-૦૦ |
| કુલ સરવાળો | ૩૩૩૫૦-૦૦ |

# સ્વતંત્ર અન્વેષકનો અહેવાલ

પ્રતિ

સભ્યશ્રીઓ,

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સુરેન્દ્રનગર.

## નાણાંકીય પત્રકોનો અહેવાલ

અમો એ આ સાથે બિડેલ શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, સુરેન્દ્રનગર ના તા. ૩૧ માર્ચ ૨૦૨૫ નાં રોજનું સરવૈયું અને તે તારીખે પૂરા થતાં વર્ષનું વેપાર અને નફા–નુકશાન ખાતું, નોંધપાત્ર નાણાંકીય નીતિઓના સારાંશ તથા અન્ય ખુલાસા તેમજ માહિતી તપાસ્યા છે.

ઘી ગુજરાત કો–ઓપરેટીવ સોસાટીઝ એકટ, ૧૯૬૧ અન્વયે નાણાંકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી સંઘના મેનેજમેન્ટની છે. આ જવાબદારીમાં હિસાબોની રૂપરેખા, અમલીકરણ અને નાણાંકીય પત્રકો તૈયાર કરવા, જરૂરી આંતરિક અંકુશ નિભાવવા, કે જે ભૂલ, છેતરપીંડી તેમજ નોંધપાત્ર ખોટી રજુઆતોથી મુકત હોય તેનો સમાવેશ થાય છે.

**<u>અન્વેષકની જવાબદારી :</u>**

અમારી જવાબદારી અમારા ઓડિટ પર આધારીત સદર હું નાણાંકીય પત્રકો પર અભિપ્રાય વ્યકત કરવાની છે. અમે અમારૂ ઓડિટ ઘી ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરેલ ઓડિટનાં ધારાધોરણો અનુસાર કરેલ છે. આ ધારા ધોરણો અનુસાર એ આવશ્યક છે કે અમો અમારા ઓડિટનું આયોજન અને તેનું અમલીકરણ નૈતિક જરૂરિયાતોનું પાલન કરીને આ નાણાંકીય પત્રકો નોંધપાત્ર ખોટી રજુઆતોથી મુકત છે તે અંગેની વ્યાજબી ખાતરી મેળવીએ.

ઓડિટમાં નાણાંકીય પત્રકોમાં સમાવિષ્ટ રકમ તથા જાહેર કરવા વિષે ઓડિટના પુરાવા મેળવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે. આવી કાર્યવાહીની પસંદગી ઓડિટરનાં નિર્ણયો તેમજ નાણાંકીય પત્રકોમાં નોંધપાત્ર ખોટી રજુઆતો હોવાના જોખમ કે જે ભૂલ કે છેતરપીંડીથી થયેલ હોય તેના ઉપર આધારિત છે. આ રીતની આકારણી કરતી વખતે ઓડિટર, ઓડિટ કાર્યવાહીની રૂપરેખા તૈયાર કરવા માટે, સંઘ દ્વારા નાણાંકીય પત્રકો બનાવવા માટેના તથા તેની વ્યાજબી રજૂઆત માટેના, આંતરિક અંકુશોને ધ્યાનમાં લે છે. ઓડિટમાં આ રીતે નાણાંકીય પત્રકો માટેની નાણાંકીય નીતીઓની સમીક્ષા તથા મેનેજમેન્ટ દ્વારા નાણાંકીય અંદાજોનું વ્યાજબી પણુ તેમજ સમગ્ર નાણાંકીય પત્રકોની પ્રસ્તૂતિની સમીક્ષાનો સમાવેશ થાય છે.

**<u>અભિપ્રાય :</u>**

અમે માનીએ છીએ કે અમારા ઓડિટ અભિપ્રાયનાં આધાર માટે અમોએ મેળવેલ ઓડિટ પુરાવા પૂરતા અને યોગ્ય છે. અમારી જાણકારી અને માહિતી મુજબ તેમજ અમને મળેલ ખુલાસાને અનુસાર તારીખ ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થતાં વર્ષ માટે સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડના નાણાંકીય પત્રકોની તમામ જરૂરી દ્રષ્ટિકોણથી ઘી ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટ, ૧૯૬૧ ના આધારે બનાવેલ છે.

**<u>અન્ય બાબત :</u>**

સહકારી દૂધ ઉત્પાદક સંઘની ઉદ્યોગ પ્રકૃતિને ધ્યાનમાં લેતા, ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા સુચવેલ ધોરણો મુજબ ફકત સંબંધિત હિસાબી ધોરણો જ લાગુ થાય છે. અમારાં અભિપ્રાય મુજબ સહકારી દૂધ ઉત્પાદક સંઘે ચાર્ટડ એકાઉન્ટસ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત કરેલ હિસાબી ધોરણ/એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ ૨૨ – આવક પર કર માટે એકાઉન્ટિંગ(ડિફર્ડ ટેકસ) અને હિસાબી ધોરણ/એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ ૧૭ સેગમેન્ટલ રિપોર્ટિંગનું પાલન કરવું યોગ્ય છે.

**શ્રી બિમલકુમાર પટેલ**
સ્પેશ્યલ ઓડિટર
મિલ્ક ઓડીટ ઓફિસ
સુરેન્દ્રનગર
તા. ૨૨/૦૭/૨૦૨૫
સ્થળ : ડેરી સુરેન્દ્રનગર

**શાહ શાહ એન્ડ કપંની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
(પેઢી નોંધણી નં. ૧૩૪૩૬૬W)
(પેનલ નં. 83)
રાહુલ શાહ
(સભ્ય નં. ૧૩૨૧૨૯)

# :: હિસાબી નોંધ ::

## ૧. નાણાંકીય પત્રકો તૈયાર કરવાનો આધાર :

નાણાંકીય હિસાબો સંસ્થાની નાણાંકીય સ્થિતિ અને કાર્યક્ષમતાનો સાચો અને યોગ્ય ચિત્ર રજૂ કરે છે, પરંતુ તે નોન–કોર્પોરેટ એકમો માટે ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાએ જારી કરેલી માર્ગદશકિા અને ફોર્મેટસ મુજબ તૈયાર કરવામાં આવ્યા નથી. અમે સંસ્થાને ભલામણ કરીએ છીએ કે નાણાંકીય રિપોર્ટિંગની ગુણવત્તા, સરખામણી અને વ્યાપકતા વધારવા માટે આ માર્ગદર્શિકા અને ફોર્મેટસ અનુસરે. નાણાંકીય પત્રકો મર્કન્ટાઈલ હિસાબી પધ્ધતિ અનુસાર અને સામાન્ય રીતે સ્વીકૃત નામાના સિધ્ધાંતો અનુસાર તૈયાર કરેલ છે. નાણાંકીય પત્રકો પર અસર કરતી તમામ આવકો અને ખર્ચા ઉપાર્જનના આધાર પર નોંધવામાં આવેલ છે અને સંસ્થાએ ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા દર્શાવવામાં આવેલ હિસાબી ધોરણોનું ઓડીટ નોંધમાં દર્શાવ્યા મુજબ પાલન કરેલ છે.

## ૨. મહત્વની હિસાબી નિતીઓ :

### ૨.૧ અંદાજોનો ઉપયોગ :

સામાન્ય રીતે સ્વીકૃત નામાના સિધ્ધાંતોના અનુસંધાનમાં નાણાંકીય પત્રકોની પ્રસ્તુતી માટે વ્યવસ્થાપકોએ કેટલાંક અંદાજો અને ધારણાઓ કરવી જરૂરી છે, કે જેનાથી મિલકતો અને જવાબદારીઓ, આવક અને ખર્ચા તથા આકસ્મિક જવાબદારીઓના પત્રકો તૈયાર થઈ શકે. આવા અંદાજો અને ધારણાઓ નાણાંકીય પત્રકોની તારીખે વ્યવસ્થાપકોના મૂલ્યાંકન તથા સંબંધિત હકીકતો અને સંજોગો પર આધારીત છે. વાસ્તવિક પરિણામો અને અંદાજો વચ્ચેના તફાવતો, જે સમયગાળામાં ઉદભવે છે તે સમયગાળામાં નોંધાય છે.

### ૨.૨ આવકની માન્યતા :

આવક ત્યારે જ નોંધાય છે જયારે તે વ્યાજબી રીતે આંકી શકાય છે અને તેની ઉઘરાણી વિશ્વસનીય છે. સંઘે તમામ વેચાણ જયારે જોખમ અને માલિકી ગ્રાહકોના શીરે તબદીલ થાય ત્યારે જ ગણતરીમાં લીધેલ છે. સંઘની આવક મૂલ્યવર્ધિત વેરા (જી.એસ.ટી), ધ્યાનમાં લીધા સિવાયની છે. ડીવીડન્ડની આવક જયારે તે મેળવવાનો હકક પ્રસ્થાપિત થાય ત્યારે નોંધેલ છે. વ્યાજની આવક સમયના પ્રમાણમાં, બાકી રકમ તથા વ્યાજનો દર ધ્યાનમાં લઈને નોંધેલ છે.

### ૨.૩ સ્થાવર મિલકતો :

સંસ્થા તેના નાણાંકીય હિસાબોમાં સ્થાવર મિલ્કતને કુલ મૂલ્યે બુક કરે છે. બધા વર્ષોમાં થયેલ ઘસારા ખર્ચ માંથી એકઠું થયેલ ઘસારા ફંડ નાણાંકીય હિસાબોમાં દેવા તરીકે દર્શાવ્યુ છે. સંપાદિત કિંમતમાં ખરીદ કિંમત (પરત મળી શકે તેવા વેરા કર્યા પછી) તેમજ આવી મિલકતો પ્લાન્ટ સુધી લાવી તેને કાર્યરત કરવા અંગેના તમામ આનુસંગિક ખર્ચનો સમાવેશ થાય છે. જયારે આવી કોઈપણ મિલકત કે જેને પ્રસ્થાપિત કરવા માટે ઘણા લાંબા સમયની જરૂર પડે અને જેના માટે વ્યાજે લીધેલ ભંડોળ વપરાયુ હોય તો તે ભંડોળ પરનું મિલકતના નિર્ધારીત વપરાશના સમય સુધીનું વ્યાજ તે મિલકતની કિંમતમાં ઉમેરવામાં આવે છે.

### ૨.૪ સ્ટોકનું મૂલ્યાંકન :

(૧) કાચો માલ, પેકીંગનો માલ અને સ્ટોર્સ અને ઉપભોજય વસ્તુઓની કિંમત ઓછી કિંમતે અને ચોખ્ખી પ્રાપ્તિપાત્ર મૂલ્ય એ છે. જો કે ઈન્વેન્ટરીઝ ઉત્પાદનમાં ઉપયોગ માટે રાખવામાં આવેલી સામગ્રી અને અન્ય વસ્તુઓ કિંમતની નીચે લખવામાં આવતી નથી, જો તૈયાર ઉત્પાદનો કે જેમાં તે સામેલ કરવામાં આવશે, તે આટલી કિંમતે અથવા તેનાથી વધુ કિંમતે વેચવામાં આવે તેવી અપેક્ષા છે. કાચો માલ, પેકીંગ સામગ્રી અને સ્ટોર્સ અને ઉપભોજય વસ્તુઓની કિંમત મૂવિંગ વેઈટેડ એવરેજના આધારે નકકી કરવામાં આવે છે.

(૨) વર્ક–ઈન–પ્રોસેસ અને ફિનિશ્ડ માલસામાનની કિંમત ઓછી કિંમતે અને ચોખ્ખી વસૂલ કરી શકાય તેવી કિંમતે કરવામાં આવે છે. બેલેન્સ શીટની તારીખે પડેલા બંધ સ્ટોક પર સામાન્ય કાર્યકારી ક્ષમતાના આધારે સીધી સામગ્રી ખર્ચ, શ્રમ અને ઉત્પાદન ઓવરહેડના પ્રમાણનો સમાવેશ થાય છે. મૂવિંગ વેઈટેડ એવરેજના આધારે કિંમત નકકી કરવામાં આવે છે.

(૩) ઉત્પાદિત સ્ટોક સાથે વેપારી માલનું મૂલ્ય ભારિત સરેરાશ કિંમત અને અંદાજિત ચોખ્ખી પ્રાપ્તિપાત્ર મૂલ્ય કરતાં નીચું છે. કિંમતમાં ખરીદીની

કિંમત અને ઈન્વેન્ટરીઝને તેમના હાલના સ્થાન અને સ્થિતિ પર લાવવામાં થતા અન્ય ખર્ચનો સમાવેશ થાય છે. મૂવિંગ વેઈટેડ એવરેજના આધારે કિંમત નક્કી કરવામાં આવે છે.

(૪) સ્ક્રેપના સ્ટોકનું મૂલ્ય અંદાજીત ચોખ્ખી પ્રાપ્તિપાત્ર મૂલ્ય પર કરવામાં આવે છે.

નેટ રીલીઝેબલ વેલ્યુ એ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં અંદાજિત વેચાણ કિંમત છે જે પૂર્ણ થવાનો ઓછો અંદાજિત ખર્ચ અને વેચાણ કરવા માટે જરૂરી અંદાજિત ખર્ચ છે.

### ૨.૫ રોકાણો :

રોકાણો પાકા સરવૈયામાં તેની મુળ કિંમતે દર્શાવેલ છે.

### ૨.૬ કર્મચારીના લાભો :

(૧) ટુંકા ગાળાના : ટુંકાગાળાના કર્મચારીના લાભો કે જે સંઘના કર્મચારીઓને તેમની પ્રસ્તુત સેવાઓ બદલ Ex. Grasia and Incentive ચુકવવામાં આવે છે, તે જે–તે સમયગાળામાં ખર્ચ તરીકે નોંધવામાં આવે છે.

(૨) લાંબા ગાળાના : સંઘ દ્વારા કર્મચારીઓ ને મળતા અન્ય લાભ જેવા કે પ્રોવિડન્ટ ફંડ, હકક રજાનો પગાર, ગ્રેજયુઈટી વગેરેના નિયમો લાગુ કરી તેમને કામના બદલામાં જરૂરી લાભ આપી શકાય તેવી ગોઠવણ કરેલ છે. સંઘનો ફાળો કર્મચારી માટે ગ્રેજયુઈટી અને સુપર એન્યુએશનના ફંડની જોગવાઈ કરી એલ.આઈ.સી.માં જવાબદારીના પ્રમાણમાં રાખેલ છે. કર્મચારીને તેની સેવાના સમયગાળામાં અને નિવૃત્તિના સમયે હકક રજાનો પગાર મેળવવાનો અધિકાર આપવામાં આવે છે. સંઘે ભારતીય જીવન વિમા નિગમ સાથે જવાબદારીના પ્રમાણમાં ભંડોળની વ્યવસ્થા કરેલ છે.

### ૨.૭ આવક પરનો ખર્ચ :

સંઘ દ્વારા ઈન્કમટેક્ષ અધિનિયમ ૧૯૬૧ મુજબ આવકવેરા કરની ગણતરી મુજબ નાણાંકીય વર્ષ દરમ્યાનનો કોઈ વર્તમાન ટેક્ષની જવાબદારી થતી ન હોવાથી ઈન્કમટેક્ષ સંબંધિત કોઈ જોગવાઈ કરેલ નથી.

### ૨.૮ ઘસારો :

અ. સ્થાવર તથા જંગમ મિલ્કતો ઉપરનો ઘસારો, ઘસારા બાદ કિંમત (Writeen Down Value) પર મેનેજમેન્ટ દ્વારા નિર્ધારીત કરેલ દરે ગણેલ છે.

બ. વર્ષ દરમ્યાન તા. ૩૦–૦૯–૨૦૨૪ સુધીમાં પ્રાપ્ત કરેલ અને ઉપયોગમાં લેવાયેલ મિલ્કતો ઉપર પૂરા વર્ષ માટે ઘસારાની ગણતરી કરેલ છે. જયારે તા. ૦૧–૧૦–૨૦૨૪ થી ૩૧–૦૩–૨૦૨૫ની વચ્ચે પ્રાપ્ત કરેલ અને ઉપયોગમાં લેવાયેલ મિલ્કતો ઉપર ઘસારાની અર્ધવાર્ષિક ધોરણે ઘસારાની ગણતરી કરેલ છે અનેતે પ્રવર્તમાન ઈન્કમ ટેક્ષના કાયદાની જોગવાઈને આધીન રહીને ગણવામાં આવેલ છે.

### ૨.૯ ઋણ ખર્ચ :

વ્યાજ ખર્ચ ઉપાર્જન આધાર પર ઉધારવામાં આવ્યા છે.

### ૨.૧૦ સંપતિની ક્ષતિ :

એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ અનુસાર સંપતિઓની ક્ષતિ પર સંઘ દરેક બેલેન્સ શીટની તારીખે મુલ્યાંકન કરે છે કે શું ત્યાં કોઈ સંકેત છે કે સંપતિ નબળી પડી શકે છે. જો આવા કોઈ સંકેત અસ્તિત્વમાં હોય, તો સંઘ સંપતિની વસૂલ કરી શકાય તેવી રકમનો અંદાજ લગાવે છે. પુનઃપ્રાપ્તિપાત્ર રકમ એ ચોખ્ખી વેચાણ કિંમત અને ઉપયોગમાં લેવાતા મૂલ્ય કરતાં વધુ છે. ઉપયોગમાં મૂલ્ય એ સંપતિના સતત ઉપયોગથી અને તેના ઉપયોગી જીવનના અંતે તેના નિકાલથી ઉદ્ભવતા અંદાજિત ભાવિ રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય છે. ઉપયોગમાં લેવાતા મૂલ્યનું મૂલ્યાંકન કરતી વખતે અનુમાનિત ભાવિ રોકડ પ્રવાહને યોગ્ય ડિસ્કાઉન્ટ કરવામાં આવે છે. જો સંપતિની આવી પુનઃપ્રાપ્તિ કરી શકાય તેવી રકમ અથવા રોકડ પેદા કરતા એકમની વસુલાતપાત્ર રકમ જેની સંપતિ તેની વહન રકમ કરતાં ઓછી હોય, વહનની રકમ તેની પુનઃપ્રાપ્તિપાત્ર રકમ સુધી ઘટાડવામાં આવે છે. ઘટાડાને ક્ષતિના નુકશાન તરીકે ગણવામાં આવે છે અને નફા અને નુકશાનના નિવેદનમાં ઓળખવવામાં આવે છે.

### ૨.૧૧ જોગવાઈઓ, આકસ્મિક જવાબદારીઓ અને આકસ્મિક મિલકતો :

જોગવાઈઓ ત્યારે કરવામાં આવે છે જયારે વીતેલી ઘટનાના પરિણામ તરીકે સંઘમાં વર્તમાનમાં કાનૂની અથવા રચનાત્મક જવાબદારી ઉદ્ભવી હોય અને જેની પતાવટ માટે રોકડ ખર્ચ કરવો જરૂરી છે જેનો વ્યાજબી અંદાજ લગાવી શકાય છે (લાંબા સમયગાળાના લાભોને ધ્યાનમાં લીધા વિના) તેની વર્તમાન કિંમત પર ડિસ્કાઉન્ટ કરવામાં આવતી નથી અને સરવૈયાની તારીખે જવાબદારીની પતાવટ માટે જરૂરી શ્રેષ્ઠ અંદાજના આધાર પર તે નકકી કરાય છે. દરેક સરવૈયાની તારીખે તેની સમીક્ષા કરાય છે અને વર્તમાનના શ્રેષ્ઠ અંદાજ અનુસાર બદલાય છે. સંઘના જણાવ્યા અનુસાર આવી કોઈ જવાબદારી ચાલુ વર્ષના અંતે જોવા મળેલ નથી.

### ૨.૧૨ સેગમેન્ટની રિપોર્ટીંગ :

સેગમેન્ટની ઓળખ :– સંઘના ઓપરેટીંગ વ્યવસાયોને ઉત્પાદનોની પ્રકૃતિ અનુસાર અલગથી સંગઠિત અને સંચાલિત કરવામાં આવે છે, જેમાં દરેક સેગમેન્ટ વ્યુહાત્મક વ્યવસાય એકમનું પ્રતિનિધિત્વ કરે છે જે વિવિધ ઉત્પાદનો પ્રદાન કરે છે અને વિવિધ બજારોમાં સેવા આપે છે. ભૌગોલિક વિભાગોનું વિશ્લેષણ તે ક્ષેત્રો પર આધારિત છે જેમાં સંઘના મુખ્ય ઓપરેટીંગ વિભાગો કાર્યરત છે. મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે તેમ, વર્ષ દરમિયાન રિપોર્ટ કરવા યોગ્ય કોઈ સેગમેન્ટ નથી.

### ૨.૧૩ ગ્રાંટ :

(૧) સ્થાયી મિલકતોને લગતી ગ્રાંટો મિલકતના ખાતામાં જમા કરેલ છે. તેથી મિલકતની કિંમત ગ્રાંટ જેટલી ઓછી થઈ જાય છે.

(૨) વર્ષ દરમ્યાન મળેલ મહેસુલી ગ્રાંટ જે તે વર્ષના નફા–નુકશાન ખાતે લઈ જવામાં આવેલ છે.

(૩) ચોકકસ પ્રોજેકટ માટે મળેલ ગ્રાંટ પ્રોજેકટ ફંડ ખાતે જમા કરવામાં આવે છે અને આ પ્રોજેકટને લગતા ખર્ચ સાથે સરભર કરવામાં આવે છે.

### ૨.૧૪ લીઝ :

સંઘ દ્વારા પટેદાર તરીકે તેની ક્ષમતામાં લીઝ પર લેવામાં આવેલી મિલ્કતો, જયાં સંઘ પાસે નોંધપાત્ર રીતે તમામ જોખમો અને માલિકીનો પુરસ્કાર હોય છે તેને ફાઈનાન્સ લીઝ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. લીઝની મુદતના સમયગાળા દરમિયાન દરેક હિસાબી સમયગાળામાં લીઝડ એસેટની અમોર્ટાઈઝેબલ રકમ ફાળવવામાં આવે છે.

### ૨.૧૫ પાકા સરવૈયાની તારીખ બાદ તેની બનેલી ઘટના :

મહત્વની એડજસ્ટીંગ ઘટના (કે જે બનેલ હોવાના પુરાવા પાકા સરવૈયાની તારીખે ઉપલબ્ધ હોય) કે જે પાકા સરવૈયાની તારીખ બાદ બનેલ છે તે તથા બિન એડજસ્ટીંગ ઘટના (કે જેમાં ઘટના બનવાના પુરાવા પાકા સરવૈયાની તારીખ પછીના હોય) તેવી ધ્યાનમાં આવેલ બાબતોનો ઓડીટ રિપોર્ટમાં સમાવેશ કરવાનો રહે છે. મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર આવી બાબતો વર્ષના અંતે અથવા રિપોર્ટની તારીખ સુધી ધ્યાનમાં આવેલ નથી.

### ૩.૧ આકસ્મિક જવાબદારીઓ :

| ક્રમ | સંપતિનો પ્રકાર | ૩૧મી માર્ચ ૨૦૨૫ મુજબ | ૩૧મી માર્ચ ૨૦૨૪ ના રોજ |
|---|---|---|---|
| ૧ | આવકવેરા માટેની વિવાદિત જવાબદારીઓ (મામલો અપીલ હેઠળ છે.) રૂા. લાખમાં | ૩૭૯.૦૪ | ૩૭૯.૦૪ |

### ૩.૨ સંબંધિત પક્ષોની પ્રસ્તુતિ :

હિસાબી ધોરણો–૧૮ સંબંધિત પક્ષોની પ્રસ્તુતિ અંતર્ગતની યોજના અનુસાર સંબંધિત પક્ષોની વિગતો અને તેમની સાથેના વ્યવહારો નીચે મુજબ છે.

(૧) સંગઠનો કે જેના પર સંઘનું નોંધપાત્ર વર્ચસ્વ છે – લાગુ પડતુ નથી.

(૨) સંગઠનો કે જેનો સંઘ પર નોંધપાત્ર પ્રભાવ છે – લાગુ પડતુ નથી.

(૩) સંગઠનો કે જેની ઉપર સંઘનું વર્ચસ્વ છે – લાગુ પડતુ નથી.

(૪) સંગઠનો કે તેની ઉપર મુખ્ય પ્રતિનિધિઓનું વર્ચસ્વ છે – લાગુ પડતુ નથી.

**૩.૩ કર્મચારી લાભો :**

સંઘ તેના કર્મચારીઓ માટે ગ્રેજયુઈટી અને લીવ એન્કેશમેન્ટ માટે લાભ યોજના નિર્ધારિત કરી છે, જેના માટે યોગદાન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને આપવામાં આવે છે. જે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરીટીની માર્ગદર્શિકા અનુસાર ભંડોળનું રોકાણ કરે છે.

**૩.૪ સંઘ દ્વારા પાછલા વર્ષના આંકડા :**

આ વર્ષના કલાસીફીકેશન માટે જરૂરી રી–કલાસીફીકેશન કરેલ છે. પાછળના વર્ષના આંકડા જયાં જરૂરીયાત જણાય ત્યાં આ વર્ષના આંકડા સાથે સરખામણી કરવા માટે રીગ્રુપીંગ કરેલ છે.

**૩.૫ વેપારી દેવા, વેપારી લેણા, ટુંકા ગાળાની લોનો અને એડવાન્સીસ તથા અન્ય ટુંકા ગાળાની જવાબદારીઓની બાકીઓ ખાત્રીને આધિન છે.**

**આ સાથે સામેલ અહેવાલ મુજબ તથા બિડાણ પત્રકોને આધિન પ્રમાણિત છે.**

**મેસર્સ શાહ શાહ એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ
(પેનલ નં.: VAD/CA FIRM/83)

| | | | |
|---|---|---|---|
| **બિમલકુમાર એન. પટેલ** | **વિવેક આર. મોઢ** | **ગુરદિતસિંઘ** | **નરેશકુમાર જે. મારૂ** |
| **ખાસ અન્વેષક (દૂધ)** | **એકાઉન્ટ હેડ** | **મેનેજીંગ ડીરેક્ટર** | **ચેરમેન** |
| **સુરેન્દ્રનગર** | | | |



જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરમાં દિપ પ્રાગટય કરતાં દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર જે. મારૂ, દૂધ સંઘના વાઈસ ચેરમેન શ્રીમતિ ગીતાબેન રબારી, દૂધ સંઘના પૂર્વ ચેરમેનશ્રી બાબાભાઈ ભરવાડ, મેનેજીંગ ડિરેકટરશ્રી ગુરદિતસિંઘ, નાયબ પશુપાલન નિયામક ડો. ભાવિકભાઈ પટેલ, રાજય સહકારી સંઘના પ્રતિનિધિશ્રી વિનોદભાઈ દ્રષ્ટિગોચર થાય છે.




ગ્લોબલ ઝાલાવાડ એકસપો કાર્યક્રમમાં દૂધ સંઘ દ્વારા કરાયેલ પ્રદર્શન સ્ટોરમાં શુભેચ્છા મુલાકાત લેતા ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક તથા વઢવાણ વિધાનસભાના ધારાસભ્યશ્રી જગદિશભાઈ મકવાણા, સુરેન્દ્રનગર જિલ્લા સાંસદ સભ્યશ્રી ચંદુભાઈ શિહોરાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતા દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર મારૂ, દૂધ સંઘના પૂર્વ ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તથા મેનેજીંગ ડિરેકટરશ્રી ગુરદિતસિંઘ


સુરસાગર ઘી
1 Ltr.
Amul Rabri
અમૂલ કાઠિયાવાડી છાશ
Amul Pure Ghee
Amul masti DAHI
સુરસાગર દાણ
સુરસાગર પાવર દાણ
સુરસાગર ઘી
15 Kg
Amul DAHI
Amul malai PANEER FRESH
SAGAR
SKIMMED MILK
Amul T-Special
અમૂલ સત્વ છાશ
Amul BUTTERMILK
અમૂલ છાશ


Amul
Real Milk. Real Ice Cream.
RAJBHOG
CARAMEL COOKIES
CHOCOLATE BROWNIE
BUTTERSCOTCH BLISS
MOROCCAN DRY FRUIT
Tri Cone
DARK CHOCOLATE


KAJU DRAKSH
STRAWBERRY
AFGHAN DRY FRUIT
VANILLA
FROSTIK
DUETZ
CHOCOBAR
PUNJABI KULFI
RATNAGIRI KULFI
RAJASTHANI KULFI
KASHMIRI KULFI
RAJWADI KULFI

International Year of Cooperatives
Cooperatives Build a Better World

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

# સુરસાગર ડેરી, વઢવાણ

## મિલકત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક : ૨૦૨૪–૨૦૨૫

| અ. નં. | મિલ્કતો | ગ્રોસ બ્લોક (મુળ કિંમત) | | | | ઘસારાનું પ્રિમિયમ | | | | નેટ બ્લોક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧-૩-૨૪ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | ૩૧-૩-૨૫ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | ૩૧-૩-૨૪ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘસારો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ટ્રાન્સફર રૂપિયામાં | ૩૧-૩-૨૫ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | ૩૧-૩-૨૫ ના રોજની ચોખ્ખી કિંમત રૂપિયામાં |
| ૧. | જમીન | ૬૩૧૯૧૦૬૬૪-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૬૩૧૯૧૦૬૬૪-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૬૩૧૯૧૦૬૬૪-૦૦ |
| ૨. | મકાન બાંધકામ | ૩૪૧૯૮૩૧૪૪-૦૩ | ૪૩૧૨૬૨૯૬૪-૪૧ | ૦-૦૦ | ૭૭૩૨૪૬૧૦૮-૪૪ | ૧૬૪૬૫૧૫૯૦-૯૬ | ૩૯૨૪૪૭૫૩-૨૧ | ૦-૦૦ | ૨૦૩૮૯૬૩૪૪-૧૭ | ૫૬૯૩૪૯૭૬૪-૨૭ |
| ૩. | ડેરી પ્લાન્ટ મશીનરી | ૭૮૦૪૮૦૩૧૪-૬૯ | ૩૩૪૪૪૦૮૯૯-૫૨ | ૫૮૫૧૨-૦૦ | ૧૧૧૪૮૬૨૭૦૨-૨૧ | ૪૭૪૦૮૩૫૬૧-૦૦ | ૭૧૦૬૩૯૭૦-૬૦ | ૫૫૮૦૩-૭૩ | ૫૪૫૦૯૧૭૨૭-૮૭ | ૫૬૯૭૭૦૯૭૪-૩૪ |
| ૪. | કોમ્પ્યુટર સામાન | ૫૧૯૬૪૧૦-૬૮ | ૯૯૯૦૮૪-૦૦ | ૦-૦૦ | ૬૧૯૫૪૯૪-૬૮ | ૪૪૦૪૭૮૨-૮૬ | ૫૩૯૪૦૭-૧૩ | ૦-૦૦ | ૪૯૪૪૧૮૯-૯૯ | ૧૨૫૧૩૦૪-૬૯ |
| ૫. | ફર્નીચર & ફીટીંગ | ૨૧૩૨૮૭૨૩-૪૩ | ૩૬૭૫૧૩-૬૦ | ૦-૦૦ | ૨૧૬૯૬૨૩૭-૦૩ | ૧૦૯૧૧૦૦૭-૦૯ | ૧૧૧૪૪૬૯-૩૩ | ૦-૦૦ | ૧૨૦૨૫૪૭૬-૪૨ | ૯૬૭૦૭૬૦-૬૧ |
| ૬. | ઈલેકટ્રીક સામાન | ૧૪૮૪૬૫૭૦-૪૧ | ૦-૦૦ | ૦-૦૦ | ૧૪૮૪૬૫૭૦-૪૧ | ૯૦૯૬૮૩૭-૦૪ | ૫૭૪૯૭૩-૩૫ | ૦-૦૦ | ૯૬૭૧૮૧૦-૩૯ | ૫૧૭૪૭૬૦-૦૨ |
| ૭. | ઓફીસ & ઇકવીપમેન્ટ | ૫૨૪૯૬૧૬૨-૨૯ | ૯૦૨૪૮૯-૦૦ | ૦-૦૦ | ૫૩૩૯૮૬૫૧-૨૯ | ૨૧૫૭૨૨૫૩-૪૩ | ૪૭૨૯૩૬૭-૭૦ | ૦-૦૦ | ૨૬૩૦૧૬૨૧-૧૩ | ૨૭૦૯૭૦૩૦-૧૬ |
| ૮. | વાહનો | ૪૪૦૪૪૦૪-૦૦ | ૧૦૫૧૦૦૦-૦૦ | ૯૬૫૦૦૦-૦૦ | ૪૪૯૦૪૦૪-૦૦ | ૧૯૬૩૪૫૩-૨૩ | ૩૬૩૮૧૭-૮૧ | ૪૨૪૦૦૧-૩૦ | ૧૯૦૩૨૬૯-૭૪ | ૨૫૮૭૧૩૪-૨૬ |
| ૯. | કેન એલ્યુ. | ૧૨૬૬૧૦૬-૨૧ | ૩૩૦૦૦૦-૦૦ | ૦-૦૦ | ૧૫૯૬૧૦૬-૨૧ | ૭૭૮૮૦૧-૯૪ | ૯૭૮૪૫-૬૪ | ૦-૦૦ | ૮૭૬૬૪૭-૫૮ | ૭૧૯૪૫૮-૬૩ |
| ૧૦. | સેપ પ્રોગ્રામ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ |
| ૧૧. | ડેડ સ્ટોક | ૧૮૪૯૮૧૭-૫૧ | ૦-૦૦ | ૦-૦૦ | ૧૮૪૯૮૧૭-૫૧ | ૧૩૨૭૦૮૭-૪૮ | ૫૨૨૬૨-૩૯ | ૦-૦૦ | ૧૩૭૯૩૪૯-૮૭ | ૪૭૦૪૬૭-૬૪ |
| | કુલ સરવાળો (a) | ૧૮૫૫૭૬૨૩૧૭-૨૫ | ૭૬૯૩૫૩૯૫૦-૫૩ | ૧૦૨૩૫૧૨-૦૦ | ૨૬૨૪૦૯૨૭૫૫-૭૮ | ૬૮૮૬૪૩૦૧૩-૧૪ | ૧૧૭૭૮૦૮૬૭-૧૬ | ૪૭૯૮૦૫-૦૩ | ૮૦૬૦૯૦૪૩૭-૧૬ | ૧૮૧૮૦૦૨૩૧૮-૬૨ |
| | CWIP | | | | | | | | | |
| ૧૨. | પેકીંગ પ્લાન્ટ | ૩૫૯૯૭૬૧૮૭-૯૦ | ૩૬૮૭૮૮૯૮૫-૩૯ | ૨૨૨૮૯૩૧૩૯-૧૪ | ૫૦૫૮૭૨૦૩૪-૧૫ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૫૦૫૮૭૨૦૩૪-૧૫ |
| ૧૩. | CWIP-Others | ૦-૦૦ | ૫૭૯૪૯૧૪૯-૦૮ | ૦-૦૦ | ૫૭૯૪૯૧૪૯-૦૮ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૫૭૯૪૯૧૪૯-૦૮ |
| ૧૪. | CWIP-P&M | ૩૯૪૫૮૬૯૪૫-૮૪ | ૩૩૬૯૪૮૪૪૭-૬૯ | ૨૦૩૭૭૯૮૦૪-૦૦ | ૫૨૭૭૫૫૫૮૯-૫૩ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૫૨૭૭૫૫૫૮૯-૫૩ |
| | કુલ સરવાળો (b) | ૭૫૪૫૬૩૧૩૩-૭૪ | ૭૬૩૬૮૬૫૮૨-૧૬ | ૪૨૬૬૭૨૯૪૩-૧૪ | ૧૦૯૧૫૭૬૭૭૨-૭૬ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૦-૦૦ | ૧૦૯૧૫૭૬૭૭૨-૭૬ |
| | કુલ સરવાળો (a+b) | ૨૬૧૦૩૨૫૪૫૦-૯૯ | ૧૫૩૩૦૪૦૫૩૨-૬૯ | ૪૨૭૬૯૬૪૫૫-૧૪ | ૩૭૧૫૬૬૯૫૨૮-૫૪ | ૬૮૮૬૪૩૦૧૩-૧૪ | ૧૧૭૭૮૦૮૬૭-૧૬ | ૪૭૯૮૦૫-૦૩ | ૮૦૬૦૯૦૪૩૭-૧૬ | ૨૯૦૯૫૭૯૦૯૧-૩૮ |

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ


### તા. ૩૧–૩–૨૦૨૫ ના રોજ ફંડની વિગત

| અ.નં. | ફંડનું નામ | તા. ૦૧–૦૪–૨૦૨૪ ના રોજની કુલ રકમ રૂપિયા | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયા | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયા | તા. ૩૧–૦૩–૨૦૨૫ ના રોજની કુલ રકમ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૨૯૪૨૨૧૨૪.૧૬ | ૧૫૦૬૮૫૬૯.૮૦ | ૦૦.૦૦ | ૧૪૪૪૯૦૬૯૩.૯૬ |
| ૨ | જનરલ રીઝર્વ ફંડ | ૪૬૬૭૫૭૫૮.૪૪ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૪૬૬૭૫૭૫૮.૪૪ |
| ૩ | સંશોધન અને વિકાસ ફંડ | ૧૫૦૪૧૭૭૯.૧૩ | ૧૧૧૧૧૯૨.૮૬ | ૦૦.૦૦ | ૧૬૧૫૨૯૭૧.૯૯ |
| ૪ | સહકાર પ્રચાર ફંડ | ૧૦૬૫૯૫૬૭.૨૨ | ૭૪૦૭૯૫.૨૪ | ૦૦.૦૦ | ૧૧૪૦૦૩૬૨.૪૬ |
| ૫ | ધર્માદા ફંડ | ૬૮૮૩૯૧૮.૨૩ | ૭૪૦૭૯૫.૨૪ | ૪૮૯૩૧૭.૦૦ | ૭૧૩૫૩૯૬.૪૭ |
| ૬ | વિકાસ ફંડ | ૨૩૩૫૬૭૧૧.૯૦ | ૧૧૧૧૧૯૨.૮૬ | ૯૦૦૦.૦૦ | ૨૪૪૫૮૯૦૪.૭૬ |
| ૭ | શિક્ષણ ફંડ | ૦૦.૦૦ | ૩૦૦૦૦૦.૦૦ | ૩૦૦૦૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૮ | બિલ્ડીંગ ફંડ | ૧૩૦૯૫૫૮૯.૪૯ | ૧૧૧૧૧૯૨.૮૬ | ૦૦.૦૦ | ૧૪૨૦૬૭૮૨.૩૫ |
| ૯ | મંડળી પ્રોત્સાહન ફંડ | ૧૭૪૬૦૭૮૫.૯૭ | ૧૪૮૧૫૯૦.૪૭ | ૦૦.૦૦ | ૧૮૯૪૨૩૭૬.૪૪ |
| ૧૦ | મંડળી ઉત્થાન અને અભ્યાસ ફંડ | ૧૩૦૯૫૫૮૯.૪૯ | ૧૧૧૧૧૯૨.૮૬ | ૦૦.૦૦ | ૧૪૨૦૬૭૮૨.૩૫ |
| ૧૧ | મંડળી સહાય ફંડ | ૩૭૮૩૩૬૨.૦૦ | ૧૭૬૮૯૦૧.૦૦ | ૩૦૦૦૨૭.૦૦ | ૫૨૫૨૨૩૬.૦૦ |
| | કુલ ... | ૨૭૯૪૭૫૧૮૬.૦૩ | ૨૪૫૪૫૪૨૩.૧૯ | ૧૦૯૮૩૪૪.૦૦ | ૩૦૨૯૨૨૨૬૫.૨૨ |

# રૂપિયો ક્યાંથી આવ્યો....?

| | (પૈસા) |
|---|---|
| દૂધ વેચાણ | : ૦.૯૮૬૧ |
| અન્ય વેચાણ | : ૦.૦૧૦૫ |
| પરચુરણ આવક | : ૦.૦૦૩૪ |






# રૂપિયો ક્યાં ગયો....?

| | (પૈસા) |
|---|---|
| દૂધ ખરીદી | : ૦.૮૫૧૫ |
| ટ્રાન્સપોર્ટ ખર્ચ | : ૦.૦૨૧૧ |
| ઈલેક્ટ્રીક અને ફ્યુલ ખર્ચ | : ૦.૦૦૯૧ |
| પ્રોસેસીંગ અને રીપેરીંગ ખર્ચ | : ૦.૦૨૩૬ |
| પગાર-ભથ્થા | : ૦.૦૧૬૩ |
| ઘસારો | : ૦.૦૧૧૦ |
| અન્ય ખર્ચ | : ૦.૦૬૧૦ |
| ચોખ્ખો નફો | : ૦.૦૦૬૪ |



# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

# સુરસાગર ડેરી, વઢવાણ

## પ્રગતિ દર્શક માહિતી

મંડળી સભાસદ : ૬૫૫

| વર્ષ | ભરપાઈ થયેલ શેર ભંડોળ રૂા. | અન્ય ભંડોળ રૂપિયા | ચાલુ દૂધ મંડળીઓ | દૂધ ખરીદી કિલોમાં | દૂધ ખરીદી રૂપિયામાં | નફો રૂપિયા | નુકશાન રૂપિયા | દૂધની સરેરાશ દૈનિક આવક (કિલોમાં) | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૫,૪૯,૧૨,૧૦૦ | ૭,૭૧,૩૭,૨૦૭ | ૬૯૮ | ૧૨,૭૧,૯૯,૭૫૭ | ૩,૯૨,૭૧,૩૫,૩૮૮ | ૧,૨૪,૬૧,૯૪૮ | – – – | ૩,૪૮,૪૯૨ | અ |
| ૨૦૧૩–૧૪ | ૫,૪૮,૧૦,૧૦૦ | ૨૮,૮૯,૪૯,૫૩૮ | ૬૯૫ | ૧૪,૪૮,૬૬,૩૦૩ | ૪,૭૬,૪૬,૮૩,૪૪૪ | ૧,૧૮,૨૯,૫૮૩ | – – – | ૩,૯૬,૮૯૪ | અ |
| ૨૦૧૪–૧૫ | ૫,૪૭,૯૦,૮૦૦ | ૨૯,૪૯,૪૮,૯૦૦ | ૭૨૪ | ૧૮,૩૦,૯૨,૬૦૯ | ૬,૮૨,૧૮,૪૭,૩૬૩ | ૨,૧૭,૯૧,૦૬૯ | – – – | ૫,૦૧,૬૨૪ | અ |
| ૨૦૧૫–૧૬ | ૯,૮૫,૧૩,૮૦૦ | ૩૦,૮૯,૧૩,૯૯૧ | ૭૪૪ | ૧૮,૮૯,૭૧,૩૪૨ | ૭,૦૨,૭૬,૩૫,૫૫૨ | ૨,૨૮,૫૩,૪૯૫ | – – – | ૫,૧૬,૩૧૫ | અ |
| ૨૦૧૬–૧૭ | ૯,૮૫,૦૮,૮૦૦ | ૩૨,૨૦,૦૫,૭૩૨ | ૭૭૮ | ૧૯,૩૮,૮૩,૨૭૮ | ૭,૭૬,૯૬,૫૮,૯૫૨ | ૨,૪૬,૫૮,૩૨૦ | – – – | ૫,૩૧,૧૮૭ | અ |
| ૨૦૧૭–૧૮ | ૯,૮૪,૧૨,૧૦૦ | ૮,૬૪,૭૩,૦૮૪ | ૮૦૧ | ૨૦,૬૧,૪૨,૨૬૦ | ૮,૪૧,૧૭,૯૯,૭૯૪ | ૨,૬૭,૯૮,૩૫૫ | – – – | ૫,૬૪,૭૭૩ | અ |
| ૨૦૧૮–૧૯ | ૮,૪૭,૫૫,૨૦૦ | ૯,૮૭,૨૨,૨૭૩ | ૮૦૦ | ૨૨,૫૨,૨૫,૭૩૫ | ૮,૫૪,૦૭,૨૮,૫૫૮ | ૩,૭૪,૫૨,૯૪૦ | – – – | ૬,૧૭,૦૫૭ | અ |
| ૨૦૧૯–૨૦ | ૧૦,૭૬,૭૧,૨૦૦ | ૧૨,૦૫,૦૯,૦૧૬ | ૬૭૯ | ૧૮,૦૧,૯૨,૨૭૦ | ૮,૦૬,૯૭,૫૪,૩૫૫ | ૪,૧૧,૫૯,૭૮૦ | – – – | ૪,૯૨,૩૨૯ | અ |
| ૨૦૨૦–૨૧ | ૨૪,૯૯,૮૫,૨૦૦ | ૧૪,૯૨,૭૪,૪૬૯ | ૬૭૬ | ૨૦,૭૫,૭૨,૪૭૩ | ૮,૯૨,૪૦,૧૨,૮૬૮ | ૬,૫૪,૧૧,૩૧૭ | – – – | ૫,૬૮,૬૯૨ | અ |
| ૨૦૨૧–૨૨ | ૨૪,૯૯,૮૫,૧૦૦ | ૧૮,૦૫,૩૯,૨૭૬ | ૬૭૭ | ૨૧,૦૬,૯૨,૪૨૧ | ૯,૦૯,૬૩,૩૮,૦૫૩ | ૮,૨૦,૨૬,૯૦૩ | – – – | ૫,૭૭,૨૪૦ | અ |
| ૨૦૨૨–૨૩ | ૨૪,૯૯,૮૫,૧૦૦ | ૨૨,૫૭,૮૧,૮૫૮ | ૬૮૩ | ૧૮,૮૮,૩૫,૬૮૬ | ૯,૧૪,૨૨,૨૨,૫૨૭ | ૯,૧૧,૫૮,૮૩૯ | – – – | ૫,૧૭,૩૫૮ | અ |
| ૨૦૨૩–૨૪ | ૨૪,૯૯,૮૪,૯૦૦ | ૨૭,૯૪,૭૫,૧૮૬ | ૬૮૮ | ૧૮,૯૪,૮૯,૩૦૨ | ૯,૭૮,૧૨,૩૭,૪૬૧ | ૬,૦૨,૭૪,૨૭૯ | – – – | ૫,૧૭,૭૩૦ | અ |
| ૨૦૨૪–૨૫ | ૨૪,૮૪,૭૭,૧૦૦ | ૩૦,૨૯,૨૨,૨૬૫ | ૬૫૫ | ૧૭,૬૮,૯૬,૪૩૯ | ૮,૭૯,૪૦,૨૨,૭૫૦ | ૭,૦૧,૩૯,૭૧૯ | – – – | ૪,૮૪,૬૪૮ | |

International Year of Cooperatives 2025

Cooperatives Build a Better World

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ

### વિકાસ ગાથા

| અ.નં. | વિગત | યુનિટ | ૨૦૨૪–૨૫ | ૨૦૨૩–૨૪ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૦–૨૧ | ૨૦૧૯–૨૦ | ૨૦૧૮–૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દૂધ સહકારી મંડળી | સંખ્યા | ૬૫૫ | ૬૮૮ | ૬૮૩ | ૬૭૭ | ૬૭૬ | ૬૭૯ | ૮૦૦ |
| ૨. | દૈનિક સરેરાશ દૂધ સંપાદન કિલો | લાખમાં | ૪.૮૫ | ૫.૧૮ | ૫.૧૭ | ૫.૭૭ | ૫.૬૯ | ૪.૯૨ | ૬.૧૭ |
| ૩. | પ્રતિદિન મહત્તમ દૂધ સંપાદન કિલો | લાખમાં | ૫.૪૧ | ૬.૨૫ | ૬.૧૫ | ૬.૬૯ | ૭.૦૪ | ૬.૩૯ | ૭.૮૦ |
| ૪. | દૂધ ખરીદ ભાવ | પ્રતિ કિલો ફેટના | ૮૫૧ | ૮૭૦ | ૮૩૭ | ૭૪૪ | ૭૨૧ | ૭૫૫ | ૬૩૩ |
| ૫. | દૂધ ખરીદ ભાવ | પ્રતિ કિલો ગ્રામ | ૫૧.૨૦ | ૫૩.૧૭ | ૫૦.૧૮ | ૪૪.૪૭ | ૪૪.૨૮ | ૪૬.૧૩ | ૩૯.૭૭ |
| ૬. | મહિલા દૂધ મંડળી | સંખ્યા | ૧૪૪ | ૧૫૬ | ૧૬૬ | ૧૬૬ | ૧૬૩ | ૧૪૮ | ૧૮૪ |
| ૭. | નફો | રૂા. લાખમાં | ૭૦૧ | ૬૦૩ | ૯૧૨ | ૮૨૦ | ૬૫૪ | ૪૧૧ | ૩૭૪ |
| ૮. | વાર્ષિક ટર્નઓવર | રૂા. કરોડમાં | ૧૦૪૩ | ૧૦૯૮ | ૧૦૩૪ | ૧૦૪૮ | ૧૦૦૩ | ૯૩૯ | ૯૩૪ |
| ૯. | ઓડીટ વર્ગ | | | અ | અ | અ | અ | અ | અ |
| ૧૦. | જુથ વિમા યોજના - જોડાયેલ મંડળીઓ | સંખ્યામાં | ૬૫૮ | ૭૦૦ | ૬૫૧ | ૬૪૨ | ૫૮૪ | ૪૭૧ | ૫૩૧ |
| ૧૧. | જુથ વિમા યોજના - જોડાયેલ પશુપાલકો | સંખ્યામાં | ૫૫૦૯૩ | ૫૫૮૬૩ | ૫૧૪૯૦ | ૪૧૦૩૯ | ૩૭૦૦૨ | ૩૨૩૧૬ | ૩૬૧૮૩ |
| ૧૨. | વિમા ક્લેઈમની રકમ | રૂા. લાખમાં | ૯૦.૭૮ | ૬૦.૭૭ | ૪૬.૬૦ | ૬૩.૨૦ | ૩૬.૦૦ | ૩૬.૪૦ | ૨૨.૮૦ |
| ૧૩. | પશુ સારવાર કેમ્પ | સંખ્યા | ૩૬૦ | ૩૦૦ | ૨૪૦ | ૨૪૯ | ૧૧૪ | ૩૭ | ૧૧૦ |
| ૧૪. | સારવાર કરેલ પશુઓ | સંખ્યા | ૪૧૧૬૧ | ૩૯૫૫૦ | ૧૦૪૩૯ | ૨૪૦૧૫ | ૨૧૮૯૫ | ૨૪૬૮૭ | ૨૫૭૭૧ |
| ૧૫. | રસીકરણ કરેલ પશુઓ | સંખ્યામાં | ૯૦૯૭૩ | ૧૨૭૪૯૩ | ૧૯૩૯૨૧ | ૧૦૪૩૮૧ | ૪૨૮૫૮ | ૧૪૯૯૫૪ | ૨૦૫૦૭૯ |
| ૧૬. | કૃત્રિમ બિજદાન કેન્દ્ર | સંખ્યા | ૭૫ | ૯૦ | ૯૨ | ૭૩ | ૩૮ | ૫૨ | ૫૪ |
| ૧૭. | કૃત્રિમ બિજદાન કરેલ પશુઓ | સંખ્યા | ૯૯૮૫ | ૧૫૨૧૧ | ૧૬૩૭૮ | ૧૨૪૮૩ | ૧૧૦૦૨ | ૧૩૫૨૭ | ૧૩૬૨૬ |



વિશ્વયોગ દિવસની ઉલ્લાસ ભેર ઉજવણી કરતી સુરસાગર ડેરી જેમાં દૂધ સંઘના ચેરમેનશ્રી નરેશકુમાર મારૂ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી કું. કોમલ કે. ચૌધરી, મેનેજીંગ ડિરેકટરશ્રી ગુરદિતસિંઘ તથા મોટી સંખ્યામાં હાજર રહેલ દૂધ સંઘના અધિકારી અને કર્મચારીઓ



ડો. વર્ગીસ કુરિયન સાહેબની જન્મજયંતિ નિમિતે દૂધ સંઘ દ્વારા મિલ્ક ડે કાર્યક્રમમાં ઉપસ્થિત જી.સી.એમ.એમ.એફ.લી. આણંદના પ્રતિનિધિ શ્રી કું. શિવાનીબેન પઢિયાર, શ્રીમતિ માયાબેન અખાણી તથા સુરસગાર ડેરી પરિવારના અધિકારીશ્રીઓ